પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૩૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૦૫-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### PM મોદી બોસ છે,

## ઓસ્ટ્રેલિયામાં વડાપ્રધાન મોદીનું સ્વાગત કરીને મને ખૂબ આનંદ થાય છે : ઓસ્ટ્રેલિયાના PM

સિડની,

ભારતના પીએમ નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. ભારતીય મૂળના ૨૦ હજાર લોકોને સંબોધિત કરવાના કાર્યક્રમમાં ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બેનિસે પીએમ મોદીના જોરદાર વખાણ કર્યા હતા. તેમણે કહ્યું- પીએમ મોદી બોસ છે. પીએમ મોદીનું સ્વાગત કરવું એ સૌભાગ્યની વાત છે. તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં વડાપ્રધાન મોદીનું સ્વાગત કરીને મને ખૂબ આનંદ થાય છે.



તેમજ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન કહ્યું હતુ કે મારુ વડાપ્રધાન તરીકે મારું પ્રથમ વર્ષ છે, જે હું આજે ઉજવી રહ્યો છું. હું મારા મિત્ર વડા પ્રધાનને છ વખત મળ્યો છું, પરંતુ તેમની સાથે સ્ટેજ પર આ રીતે ઊભા રહેવા સિવાય બીજું કંઈ નથી, અહીં વડા પ્રધાન મોદીને આવકારવાનો આનંદ છે, પરંતુ મારે કહેવું છે કે અહીંની ઉષ્મા અને ઊર્જા આજે કોઈથી ઓછી નથી.

તેમણે વધુમાં કહ્યું કે મેં છેલ્લી વખત બ્રુસ સ્પ્રિન્ગસ્ટીનને આ મંચ પર જોયો હતો ત્યારે વડાપ્રધાન મોદીને જે પ્રકારનું આવકાર મળ્યો હતો તેવો ન હતો. વડાપ્રધાન મોદી બોસ છે. જ્યારે હું માર્ચમાં ભારતમાં હતો, ત્યારે તે એક અવિસ્મરણીય ક્ષણોથી ભરેલી સફર હતી, ગુજરાતમાં હોળીની ઉજવણી કરવી, દિલ્હીમાં મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરવી હું જ્યાં પણ ગયો, ત્યાં મને ઓસ્ટ્રેલિયા અને ભારતના લોકો વચ્ચે ઊંડો સંબંધ જોવા મળ્યો. . જો તમારે ભારતને સમજવું હોય તો ટ્રેન અને બસમાં મુસાફરી કરો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનિસે સિડની સમુદાયના કાર્યક્રમમાં "લિટલ ઈન્ડિયા" ગેટવેનો શિલાન્યાસ કર્યો. તમને જણાવી દઈએ કે પીએમ મોદીનું સિડનીના ઓલિમ્પિક પાર્ક સ્ટેડિયમમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદી-મોદીના નારા લાગ્યા. પીએમ મોદી સ્ટેડિયમમાં આવતા જ ત્યાં હાજર લોકોએ ઉભા થઈને તેમનું સ્વાગત કર્યું હતું. જી-૭ કોન્ફરન્સમાં પોતાની છાપ છોડ્યા બાદ પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. તેમના સ્વાગત માટે અહીં સિડનીમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદી નવ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયા પહોંચ્યા છે. ભારતીય મૂળના લોકો તેમનું સ્વાગત કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. પીએમ મોદીના સ્વાગત માટે આયોજિત કાર્યક્રમમાં હજારો ભારતીયો ભાગ લઈ રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં ઓલિમ્પિક પાર્કમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધિત પોતાના સંબોધનની શરૂઆત નમસ્તે ઓસ્ટ્રેલિયાથી કરી હતી. પીએમ મોદીએ સૌપ્રથમ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અને પૂર્વ વડાપ્રધાન, વિદેશ મંત્રી અને અન્ય નેતાઓનો આભાર માન્યો હતો.પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો અલગ-અલગ સમયગાળામાં ક્યારેક ૩સી, ક્યારેક ૩ડી અને ક્યારેક ૩ઈ રહ્યા છે. જ્યારે એવું કહેવામાં આવતું હતું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩સી (કોમનવેલ્થ, ક્રિકેટ, કરી) પર આધારિત છે. તે પછી એવું કહેવામાં આવ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩ડી (લોકશાહી, ડાયસ્પોરા, મિત્રતા) પર આધારિત છે. કેટલાક લોકોએ એમ પણ કહ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનો સંબંધ ૩ઈ (એનર્જી, ઈકોનોમી, એજ્યુકેશન) પર આધારિત છે. અલગ-અલગ સમયમાં પણ આ સાચું હોઈ શકે છે. પરંતુ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ઐતિહાસિક સંબંધોની હદ આના કરતા ઘણી મોટી છે. આ સંબંધોનો આધાર પરસ્પર વિશ્વાસ અને પરસ્પર આદર છે.

ભારતમાં ક્ષમતાની કમી નથી. ભારતમાં પણ સંસાધનોની કોઈ કમી નથી. પીએમ મોદીએ કહ્યું કે આજે વિશ્વની સૌથી મોટી અને સૌથી યુવા પ્રતિભાની ફેક્ટરી ભારતમાં છે. પીએમએ કહ્યું કે મને જાણીને આનંદ થયો કે તમે બધાએ પણ આઝાદીના અમૃત મહોત્સવની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરી છે. બંને દેશો વચ્ચેના આપણા ક્રિકેટ સંબંધોને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. ક્રિકેટના મેદાન પરની હરીફાઈ જેટલી રસપ્રદ છે, તેટલી જ ઊંડી અમારી મેદાનની બહારની મિત્રતા છે.

પીએમ મોદીએ કહ્યું, જે દેશ ૨૫ વર્ષના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યો છે, તે દેશ ભારત છે. આજે આઈએમએફ ભારતને વૈશ્વિક અર્થવ્યવસ્થાનું તેજસ્વી સ્થાન માને છે. આજે વિશ્વના તમામ દેશોની બેંકિંગ સિસ્ટમ જોખમમાં છે. જ્યારે ભારતની બેંકિંગ સિસ્ટમની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. પીએમે કહ્યું, જે દેશે કોરોના સામે સૌથી ઝડપી રસીકરણ અભિયાન શરૂ કર્યું તે ભારત છે. જે દેશની અર્થવ્યવસ્થા સૌથી ઝડપથી વધી રહી છે તે ભારત છે. આજે જે દેશ વિશ્વમાં ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યામાં બીજા નંબરે છે તે ભારત છે.

## ૨૫ મેએ બોર્ડના ધોરણ-૧૦નું પરિણામ થશે જાહેર

અમદાવાદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાના પરિણામની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. ધોરણ ૧૦નું પરિણામ ૨૫ મેના રોજ સવારે ૮ વાગ્યે જાહેર કરવામાં આવશે. સવારના ૮ વાગ્યાથી વિદ્યાર્થીઓ જીએસઈબીની વેબસાઈટ પર જઈને પરિણામ જોઈ શકશે.

ગુજરાતમાં માર્ચ મહિનામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ લેવાઈ ગઈ હતી ત્યારે હવે ગુજરાતમાં આ પરીક્ષાર્થીઓ પોતાના પરીણામની રાહ જોઈને બેઠા છે. ત્યારે ધોરણ ૧૦ના પરિણામની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. બે દિવસ બાદ એટલે કે ૨૫ મેના રોજ ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવશે. ગુરુવારે સવારે ૮ વાગ્યે બોર્ડની વેબસાઈટ પર ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવશે. જ્યારે ધોરણ ૧૨નું પરિણામ પણ ૩૦ તારીખની આસપાસ જાહેર થઈ શકે છે.

વિદ્યાર્થીઓ વોટ્સએપ દ્વારા પણ પોતાનું પરિણામ જાણી શકે છે. આ માટે વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પોતાનો બેઠક ક્રમાંક મોકલવાનો રહેશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક અને જીઈ નકલ શાળાવાર મોકલવા અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછીથી કરવામાં આવશે તેવું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ એસએમએસ દ્વારા પણ પરિણામ જોઈ શકશે. આ માટે વિદ્યાર્થીઓએ એસએસસી સ્પેસ રોલ નંબર લખીને ૫૬૨૬૩ પર મેસેજ મોકલવાનો રહેશે. જે બાદ થોડા સમય પછી વિદ્યાર્થીઓ તેમના ફોન પર તેમના પરિણામો મેળવી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૨ મે ૨૦૨૩ના રોજ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૨ સાયન્સનું ૬૫.૫૮ ટકા પરિણામ જાહેર થયું હતું. જેમાં મોરબી જિલ્લો ૮૩.૨૨ ટકાના પરિણામ સાથે સમગ્ર રાજ્યમાં મોખરે હતો, જ્યારે દાહોદ જિલ્લો છેલ્લા ક્રમે રહ્યો હતો. કેન્દ્રની વાત કરીએ તો સૌથી વધુ પરિણામ હળવદ કેન્દ્રનું ૯૦.૪૧ ટકા આવ્યું હતું. જ્યારે સૌથી ઓછું પરિણામ લીમખેડા કેન્દ્રનું ૨૨ ટકા આવ્યું હતું. તો રાજ્યની ૨૭ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. રાજ્યમાં ૭૬ શાળાઓનું પરિણામ ૧૦%થી ઓછું આવ્યું હતું.

રાજ્યમાં ૬૧ વિદ્યાર્થીઓને એ૧ ગ્રેડ મળ્યો હતો. તો રાજ્યમાં ૧૫૨૩ વિદ્યાર્થીઓને એ૨ ગ્રેડ મળ્યો હતો. અંગ્રેજી માધ્યમનું ૬૭.૧૮% પરિણામ આવ્યું હતું. ગુજરાતી માધ્યમનું ૬૫.૩૨% પરિણામ આવ્યું હતું. એ ગ્રુપના ઉમેદવારોનું ૭૨.૨૭% પરિણામ આવ્યું હતું. જ્યારે બી ગ્રુપના ઉમેદવારોનું ૬૧.૭૧% અને એબી ગ્રુપના ઉમેદવારોનું ૫૮.૬૨% પરિણામ આવ્યું હતું.

## ગુજરાતમાં ગરમી ઘટશે, ભેજ વધવાથી બફારો વધશે

અમદાવાદ,

આગામી દિવસોમાં હવામાન વિભાગ દ્વારા ગરમીથી રાહત મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો કે, ભેજનુ પ્રમાણ વધવાથી બફારો અને અકળામણ વધશે. અમદાવાદ ૪૩ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનુ સૌથી ગરમ શહેર રહ્યુ હતુ. આજે પણ અહીં યલો એલર્ટ આપવામાં આવ્યુ હતું. જો કે, આગામી સમયમાં તાપમાન ઘટી શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ભેજનુ પ્રમાણ વધવાથી પરસેવો વધશે. અમદાવાદ હવામાન કેન્દ્રના જણાવ્યા મુજબ રાજ્યમાં આગામી પાંચ દિવસ હવામાન મોટેભાગે સૂકુ રહી શકે છે. વરસાદ કે તાપમાનમાં મોટા ફેરફારની સંભાવના નથી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ તાપમાનમાં ઘટાડો થશે અને બે-ત્રણ દિવસ પછી ભેજનુ પ્રમાણ વધશે અને હવામાનમાં ફેરફારો થશ

આઈએમડીએ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીના ઘટાડા સાથે ગરમીમાં સામાન્ય રાહત મળવાની સંભાવના વ્યક્ત કરી છે. આ સાથે ભેજ વધવાથી બફારો, અકળામણ અને પરસેવો વધશે. તાપમાનની વાત કરીએ તો અમદાવાદ શહેરમાં ૪૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, વલ્લભ વિદ્યાનગર, વડોદરામાં ૪૧ ડિગ્રી નોંધાયુ હતુ. દીવ અને દ્વારકામાં ૩૩ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યુ હતુ. સૌરાષ્ટ્રમાં મોટાભાગના સ્થળોએ ૩૫ ડિગ્રી આસપાસ તાપમાન રહ્યુ.

## ચોમાસુ પવનો ખૂબ નબળા : ધીમી ગતિએ આગળ વધતું ચોમાસુ

નવીદિલ્હી,

ચોમાસુ ત્રણદિવસથી આંદામાન-નિકોબાર દ્વીપસમૂહની દક્ષિણેથી આગળ વધ્યું નથી. શુક્રવારે બંગાળની ખાડીમાં આંદામાનની છેલ્લી સરહદ ઈન્દિરા પૉઈન્ટ પસાર કરીને નાનકોવરી ટાપુ સુધી પહોંચ્યા પછી સુધી તેમાં કોઈ પ્રગતિ જોવા મળી નથી. સામાન્ય રીતે ચોમાસુ ૨૧ મેએ પોટ્ બ્લેર પહોંચતું હોય છે પરંતુ હાલમાં ચોમાસાની ઉત્તરીય સરહદ પોર્ટ બ્લેરથી ૪૧૫ કિમી દૂર છે. હવામાન વિભાગનું કહેવું છે કે ચોમાસુ પવનો ખૂબ નબળા છે પરંતુ આગામી ૨ દિવસમાં ધીમી ગતિએ આગળ વધવાની શક્યતા છે.

આ બાજુ ઉત્તર ભારતમાં સક્રિય થયેલું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સ્પર્શી શકે છે. અરબ સાગરમાંથી આવતી ભેજવાળી હવાઓથી આ ડિસ્ટર્બન્સને બળ મળશે અને તેને કારણે ૨ દિવસથી કાળઝાળ ગરમીમાંથી સમગ્ર ઉત્તર ભારતને રાહત મળવાની શક્યતા છે. હવામાનમાં આ પરિવર્તન આવતાં આગામી ૪ દિવસમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને યુપીમાં ગાજવીજ અને વંટોળ સાથે કરા પડવાની કે વરસાદ પડવાની વકી છે. ખાસ કરીને બુધવાર અને ગુરુવારે સમગ્ર ઉત્તર ભારતમાં દિવસનું સામાન્ય તાપમાન ૪થી ૫ ડિગ્રી ઘટશે.

જમ્મુ-કાશ્મીર, હિમાચલમાં ૨૪-૨૫ મેએ ભારે વરસાદ પડવાની વકી છે. પંજાબમાં પણ ૨૫ મેએ ભારે વરસાદના અણસાર છે. હિમાચલમાં ૨૪મીએ કરા પડી શકે છે. ઉત્તરાખંડમાં ૨૫-૨૬ મેએ ભારે પવન સાથે વરસાદ પડશે. ૨૪ મેએ પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં પણ આવું વાતાવરણ રહેશે. ૨૪ મેએ હરિયાણાના અમુક વિસ્તારો, ઉ. રાજસ્થાનમાં ૨૪-૨૫ મેએ કરાની વકી છે. રાજસ્થાનમાં ૨૪-૨૫ મેએ ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ગતિએ ધૂળ ઉડાડતો વંટોળ ફૂંકાવાની શક્યતા છે.

બિહાર અને પ. બંગાળમાં ૨૪મેએ ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાશે. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના વિદર્ભમાં પણ ૨૪-૨૫ મેએ ભારે પવન સાથે વરસાદ અને ક્યાંક કરાની શક્યતા છે. માત્ર મહારાષ્ટ્રના મરાઠાવાડા અને ઝારખંડમાં હીટવેવની વકી છે.

## મેક્સિકોનો સૌથી ખતરનાક જ્વાળામુખી ફાટ્યો : ૩૦ લાખ લોકો માટે એલર્ટ જારી કરાયું

મેક્સિકોસિટી,

મેક્સિકોનો સૌથી ખતરનાક જ્વાળામુખી ફાટ્યો છે. તે પોપોકેટપેટલ તરીકે ઓળખાય છે. આ જ્વાળામુખી મધ્ય મેક્સિકોમાં સ્થિત છે. રવિવારે આ વિસ્તારમાં એલર્ટ વધારી દેવામાં આવ્યું છે. સ્થાનિક પ્રશાસને શાળાઓ અને જાહેર ઉદ્યાનો બંધ કરી દીધા છે. આ સિવાય ઘણી ફ્લાઈટ્સ પણ મોડી ઉડી રહી છે.



લગભગ ૨૫ મિલિયન લોકો જ્વાળામુખીના ૬૦ માઈલની અંદર રહે છે. મેક્સિકોના નેશનલ સિવિલ પ્રોટેક્શન કોઓર્ડિનેશનએ યલો ફેઝ ૩ ચેતવણી જારી કરી હતી. આ પછી, જ્વાળામુખીની આસપાસના ગામોમાં રહેતા લગભગ ૩૦ લાખ લોકોને વિસ્તાર ખાલી કરવાની તૈયારી કરવા માટે કહેવામાં આવ્યું હતું. આ સાથે જ તેમને ઘરની બહાર ન નીકળવાની પણ સલાહ આપવામાં આવી છે. સીએનપીસીએ જ્વાળામુખીની આસપાસના વિસ્તારમાં ઝડપથી રાખ ફેલાવાની ચેતવણી આપી છે.

બીજી તરફ ઈટાલીમાં વિશ્વનો સૌથી સક્રિય જ્વાળામુખી માઉન્ટ એટના પણ રવિવારે ફાટ્યો હતો. જેના કારણે સિસિલી ટાપુ પાસે આવેલા કટાનિયાનું એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું હતું. માઉન્ટ એટના એ યુરોપનો સૌથી ઊંચો અને સૌથી સક્રિય જ્વાળામુખી છે. બે વર્ષ પહેલા ૯ ઓગસ્ટે પણ તેમાં વિસ્ફોટ થયો હતો. નાસાના રિપોર્ટ અનુસાર, વર્ષ ૧૧૬૯માં માઉન્ટ એટના ફાટવાને કારણે ૧૫ હજારથી વધુ લોકોના મોત થયા હતા.

અગાઉ શનિવારે, મેક્સિકો સિટીનું બેનિટો જુઆરેઝ ઈન્ટરનેશનલ એરપોર્ટ રાખ ફેલાતાં અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે આ જ્વાળામુખી ૧૫ મેથી સક્રિય છે અને આવનારા સમયમાં તેની ગતિવિધિઓ વધી શકે છે. પોપોકેટપેટલને મેક્સિકોનો સૌથી ખતરનાક જ્વાળામુખી કહેવામાં આવે છે. કારણ કે તેની આસપાસના વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો રહે છે.

પોપોકેટપેટલ જ્વાળામુખી પ્રથમ વખત ૧૯૯૪માં સક્રિય થયો હતો. આ પછી વર્ષ ૨૦૦૦માં મોટો વિસ્ફોટ થયો હતો. ત્યારબાદ લગભગ ૫૦ હજાર લોકોએ વિસ્તાર ખાલી કરવો પડ્યો હતો. આ પછી પણ, આ જ્વાળામુખી ઘણી વખત સક્રિય થયો છે, જેને ધ્યાનમાં રાખીને અધિકારીઓ સમયાંતરે ચેતવણીઓ આપતા રહે છે.

જ્વાળામુખી એ પૃથ્વીની સપાટી પર હાજર કુદરતી તિરાડો છે. જ્વાળામુખી પ્લેનેટરી માસ ઓબ્જેક્ટનાં પોપડાથી રચાય છે. આના દ્વારા, મેગ્મા, લાવા, રાખ વગેરે જેવી પીગળેલી સામગ્રી પૃથ્વીના આંતરિક ભાગમાંથી વિસ્ફોટો સાથે બહાર આવે છે. પૃથ્વી પર હાજર ૭ ટેક્ટોનિક પ્લેટ્સ અને ૨૮ સબ-ટેક્ટોનિક પ્લેટ્સની અથડામણને કારણે જ્વાળામુખીની રચના થાય છે. વિશ્વનો સૌથી સક્રિય જ્વાળામુખી માઉન્ટ એટના ઈટાલીમાં છે. અને સૌથી મોટો જ્વાળામુખી મૌના લાઓ હવાઈમાં છે. રશિયાનો સૌથી સક્રિય જ્વાળામુખી ૧૬ વર્ષ બાદ મંગળવારે ફાટ્યો હતો. શિવેલચુ નામના આ જ્વાળામુખીના વિસ્ફોટને કારણે ધુમાડાનો બલૂન ૨૦ કિલોમીટરની ઉંચાઈ સુધી ઉછળ્યો હતો. જેના કારણે રશિયાના કામચા દ્વીપકલ્પમાં લાંબા સમય સુધી હવાઈ અવરજવર બંધ કરવી પડી હતી.

## પાટણમાં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં MAની પરીક્ષામાં ડમી કાંડ મામલે તપાસ શરૂ

પાટણ,

સાબરકાંઠાના પ્રાંતિજની એમ.સી.દેસાઈ કોલેજમાં માનસી પટેલના સ્થાને જીજ્ઞાષા પ્રજાપતિએ પરીક્ષા આપવાની આશંકા વ્યકત કરવામાં આવી છે. તેમજ પરીક્ષા કેન્દ્રના કર્મચારીઓ અને અધિકારીઓને નોટિસ આપવામાં આવી છે.

ગુજરાતના પાટણમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનાં સ્છ સેમિસ્ટર ૨ની પરીક્ષામાં ડમી કાંડ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં સાબરકાંઠાના પ્રાંતિજની એમ.સી.દેસાઈ કોલેજમાં માનસી પટેલના સ્થાને જીજ્ઞાષા પ્રજાપતિએ પરીક્ષા આપવાની આશંકા વ્યકત કરવામાં આવી છે. તેમજ પરીક્ષા કેન્દ્રના કર્મચારીઓ અને અધિકારીઓને નોટિસ આપવામાં આવી છે. તેમજ સમગ્ર કેસની તપાસ માટે પરીક્ષા કેન્દ્ર પરથી સીસીટીવી પણ કબજે કરવામાં આવ્યા છે.

## બે હજારની નોટથી રૂ.૫૦-૧૦૦નું પેટ્રોલ પૂરાવી નહીં શકાય : રાજકોટમાં પેટ્રોલ પંપ પર બેનર લાગ્યાં

રાજકોટ,

ભારતીય રિઝર્વ બેંક દ્વારા બે હજારની નોટ પરત ખેંચવાના નિર્ણયના હવે ગુજરાતમાં ધીરે ધીરે અસર જોવા મળી રહી છે. લોકો અને વેપારીઓને હાલાકી પડતી જોવા મળી રહી છે. રાજકોટમાં પેટ્રોલપંપ પર બે હજારની નોટ નહીં સ્વીકારવામાં આવે તેવાં બેનરો લગાવામાં આવ્યા હતા. લોકો ૧૦૦-૨૦૦ રૂપિયાનું પેટ્રોલ પૂરાવવા છે અને ૨ હજારની નોટ આપે છે. જેના કારણે ફરી છૂટા આપવાની સમસ્યા ઊભી થાય છે. જેથી પેટ્રોલપંપ સંચાલકે આ નિર્ણય લીધો હોવાનું જણાવ્યું હતું. પેટ્રોલપંપ સંચાલકે જણાવ્યું હતું કે સરકારના નિર્ણયથી લોકોને ફાયદો જ થવાનો છે. સાથે સરકારે જે નિર્ણય લીધો છે એ સમજી વિચારીને જ લીધો હશે. અમારે ત્યાં પેટ્રોલ ભરવા આવેલા ગ્રાહકો ૧૦૦,૨૦૦,૩૦૦ જેટલાનું પેટ્રોલ ભરાવી ૨૦૦૦ની નોટ આપે છે. આથી છુટ્ટા દેવામાં પણ અમારે હાલાકી થઈ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, જ્યારથી આરબીઆઈએ આ નિર્ણય લીધો છે ત્યારથી અમારા પેટ્રોલપંપ પર બે હજારની નોટનો પાંચ ગણો વધારો થયો છે. પહેલા કરતા પાંચ ગણી વધુ બે હજારની નોટ આવી રહી છે. લોકો રૂ. ૧૦૦-૨૦૦નું પેટ્રોલ પૂરાવવા પેટ્રોલ પંપ પર આવે છે. પછી છૂટ્ટાની તકલીફ વધુ થઈ રહી છે. જેથી બે હજારની નોટ પેટ્રોલ પંપ પર સ્વીકારવાનું બંધ કર્યું છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ભાભોર સવિતાબેન
મોહનભાઈ
તરફથી અભીનંદન....
મુ. વટેડી માર્કેટીંગયાર્ડ,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ધી રણધીકપુર સેવા
સ. સહકારી મં.
તરફથી અભીનંદન....
મુ. પાર્ટ-૧,
તા. સિંગવડ,
જી. દાહોદ

## નાગપુર-પૂણે હાઈવે પર ટ્રક અને બસ વચ્ચે સર્જાયો અકસ્માત, ૭ લોકોના મોત, ૧૩ ઘાયલ

મુંબઈ,

મહારાષ્ટ્રમાં મગળવારના રોજ એક ગોજારો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત નાગપુર-પૂણે હાઈવે પર એક બસ વચ્ચે થયો હતો. આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે. જ્યારે ૧૩ લોકો ઘાયલ થયા છે. હાલ ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, આ અકસ્માત બુલઢાણા જિલ્લામાં થયો હતો. ત્યાં એક બસ પુણેથી માહેકર જઈ રહી હતી, ત્યારે બીજી બાજુથી આવી રહેલા ટ્રક સાથે અથડાઈ હતી. જેમાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્થાનિક લોકોની મદદથી તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં ૭ લોકોના મોત થયા હતા, અને ૧૩ લોકો ઘાયલ થયા હતા. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, બસ મહેકર ડેપોની હતી. બસ મુસાફરોને લઈને જઈ રહી હતી, ત્યારે ઝડપથી આવી રહેલી ટ્રકે તેને ટક્કર મારી હતી.



ઘટના બાદ હોબાળો મચી ગયો હતો. આ સાંભળીને ત્યાં મોટી સંખ્યામાં ભીડ એકઠી થઈ ગઈ હતી. આ પછી ઘાયલોને સિંદખેદરાજા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બીજી તરફ મહારાષ્ટ્રના અમરાવતીમાં પણ એક મોટો અકસ્માત થયો હતો, જ્યાં એક ટ્રકે કારને ટક્કર મારી હતી. આ ઘટનામાં ૫ લોકોના મોત થયા છે, જ્યારે ૭ લોકો ઘાયલ થયા છે. જેમને તાત્કાલિક દરિયાપુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલો એક જ પરિવારના છે. મળતી માહિતી મુજબ, આ અકસ્માત અમરાવતીના દરિયાપુર-અંજનગાંવ રોડ પર થયો હતો. કારમાં સવાર લોકો ફેમિલી ફંકશનમાંથી પરત ફરી રહ્યા હતા. ત્યારે સામેથી પુરપાટ ઝડપે આવતી ટ્રકે તેમને ટક્કર મારી હતી. મૃતકોમાં બે મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે.આ ઘટના અંગે મુખ્યમંત્રીએ ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## પાદેડી રામપુર ખાતે આવેલ સિધ્ધેશ્વર મહાદેવ મંદિરે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



મલેકપુર, મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના પાદેડી રામપુર ગામ ખાતે આવેલા સિધ્ધેશ્વર મહાદેવના મંદિર ખાતે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પાદેડી રામપુર ગામના બસ સ્ટેશન ખાતે આવેલ ૫૦૦ વર્ષ જૂના સિધ્ધેશ્વર મહાદેવ ભગવાનનુ પૌરાણિક મંદિર આવેલ હતું. જ્યારે આ મંદિરનું ગ્રામજનો તેમજ ભક્તજનો દ્વારા નવ નિર્માણ કરવામાં આવેલ હતુ અને મંદિરનુ નવનિર્માણ કામગીરી પુર્ણ થતા ગ્રામજનો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમનું આયોજન ત્રણ દિવસ સૂધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. મહાદેવના મંદીરના પ્રાણ પ્રતિષ્ઠાને લઈને પાદેડી રામપુર ગામના યુવા મિત્રો, વડીલો તેમજ ભક્તજનોમાં અનેરો ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે મંદિર ખાતે ત્રણ દિવસથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શોભાયાત્રા, જળ યાત્રા, દેવોની સ્નાન વિધિ, સાય પુજન આરતી, પ્રાણ પ્રતિષ્ઠા, મહા આરતી, મહા પ્રસાદ વગેરે કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ છે. જયારે પંચમહાલના સાંસદ રતનસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા મહાદેવની પૂજા–અર્ચના કરી અને આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા અને ગ્રામજનો દ્વારા સાંસદનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. જયારે સિધ્ધેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાન લઈને સમગ્ર વાતાવરણ પણ ભક્તિમય જોવા મળ્યું હતુ અને ભક્તોમા પણ અનેરો ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જયારે રંગેચંગે સિધ્ધેશ્વર મહાદેવ મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ હતી. મંદીર ખાતે મહા પ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ હતું. મોટી સંખ્યામાં ભક્તજનોએ મહા પ્રસાદનો લાભ લીધો હતો.

## ખાનપુરના સોપડીયા ગામે નદી આવેલ વીજ લાઈનનું વર્ષો બાદ પણ મરામત માટે રજુઆત થતાં વીજ કંપનીએ કાર્યવાહી કરી નથી



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, ખાનપુર તાલુકાના સોપડીયા ગામે નદી ઉપર આવેલ વીજ લાઈનના કનેકશન ૧૯૮૬માં પ્રસ્થાપિત થયેલ છે. નખાયા બાદ આજ દિન સુધી તેનું મરામત કાર્ય કરવામાં આવેલ નથી. આ અંગેની રજૂઆત બાકોર એમજીવીસીએલ સબ ડિવિઝનમાં લેખિતમાં અરજી આપીને કરવામાં આવેલ છે. તેમજ ડીઈ સાથે રૂબરૂમાં ટેલીફોનિક ચર્ચા પણ થયેલ છે. આ અંગે તેઓએ ખૂબ સાંત્વના મળે એવો જવાબ આપેલ છે અને આ કામ તાત્કાલિક કરી દેવામાં આવશે એવી ખાતરી પણ આપેલ છે. ટ્રાન્સફોર્મર અને પોલ વચ્ચે લગભગ ૮૦ ફૂટ જેટલું અંતર છે. સામાન્ય રીતે નિયમ અનુસાર ૩૦ ફૂટ થી વધારે અંતર હોય તો પોલ નાખવું પડે આ અંગે વારંવાર રજૂઆત હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી અને વીજ લાઈનના વાયરો જુવારના ખેતીપાકને પડી ગયેલા છે, એટલા નીચા નમેલ છે અને પોલ ગમે એ સમય પડી શકે છે, નીચા ઊભા રહીને વાયરને હાથ અડી શકે છે અને મોટો અકસ્માત સર્જાય તેવી ભીતિ છે. તંત્ર દ્વારા આ અંગે પગલાં લેવામાં આવે એવી કહેવાતા જગતનો તાત એવા ખેડૂતની વિનંતી છે.

## ABVP દ્વારા ગ્રામ્ય જીવન દર્શન કરવા માટે સૌરાષ્ટ્રમાંથી ૫૦ વિદ્યાર્થીઓ મહીસાગર જિલ્લાના જનજાતિ ગામોમાં ૫ દિવસ અનુભૂતિ કરશે



લુણાવાડા, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા SFD અંતર્ગત ‘‘ગ્રામ્ય જીવન અનુભૂતિ ૨૦૨૩’’ ગામને જાણો ગામને માણો માટે ભાવનગર, બોટાદ,અમરેલી જિલ્લાના ૫૦ વિદ્યાર્થીઓ મહીસાગર જિલ્લામાં પાંચ દિવસ જનજાતિ ગામોમાં જશે ત્યાંના ગ્રામ્ય જીવનની અનુભૂતિ કરશે. ગામોની પરંપરા, રીતિ–રિવાજ, ત્યાંની સંસ્કૃતિને જાણસે જેના કાર્યક્રમનું ઉદ્ઘાટન મુનપુર કોલેજમાં થયું. જેમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણ, પ્રદેશ સહ મંત્રી અંકિત નાઈય, વડોદરા અને પંચમહાલ વિભાગ સંગઠન મંત્રી ગૌતમ ગામીત, વિભાગ પ્રમુખ મનીષ સોની, વિભાગ સંયોજક જય પાઠક, મુનપુર કોલેજ ના આચાર્ય મહેશભાઈ મહેતા અને ટ્રસ્ટી હરિ પટેલ ઊપસ્થિત રહ્યા.

## રાહુલે અંબાલાથી ચંદીગઢ સુધી ટ્રકમાં મુસાફરી કરી : ૫૦ કિમીની મુસાફરીમાં ડ્રાઈવરની બાજુમાં બેસીને વાતો કરી



ચંડીગઢ, કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ સોમવારે રાત્રે અંબાલાથી ચંદીગઢ ૫૦ કિમી સુધી ટ્રકમાં મુસાફરી કરી હતી. ખરેખર તેઓ બપોરે કારમાં દિલ્હીથી સિમલા જવા નીકળ્યા હતા. પાર્ટી કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે રાહુલે આ દરમિયાન ટ્રક-ડ્રાઈવરો સાથે વાત કરી અને તેમની સમસ્યાઓ પણ સાંભળી હતી. રાહુલે સવારે ૫:૩૦ વાગ્યે અંબાલા શહેરના શ્રી માંજી સાહેબ ગુરુદ્વારામાં ટ્રક અટકાવી હતી. પછી ગુરુદ્વારામાં માથું ટેકવ્યું હતું. આ પછી તેમણે કોંગ્રેસના કેટલાક કાર્યકરો સાથે પણ વાત કરી હતી. તેમણે ગુરુદ્વારામાં લંગરનો પ્રસાદ પણ લીધો હતો. કોંગ્રેસનેતા સુપ્રિયા શ્રીનેતે રાહુલની આ યાત્રાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. રિપોર્ટ્સને ટાંકીને કોંગ્રેસ પાર્ટીએ કહ્યું હતું કે ભારતના રસ્તાઓ પર લગભગ ૯૦ લાખ ટ્રક-ડ્રાઈવર્સ છે. આ બધા લોકોની પોતાની સમસ્યાઓ છે. રાહુલે ટ્રક-ડ્રાઈવરોની ’મનની વાત’ સાંભળવાનું કામ કર્યું છે. વાસ્તવમાં ભારે વાહનો અને ટ્રક ચલાવતા આ ડ્રાઈવરોને આખી રાત કામ કરવું પડે છે. આ દરમિયાન ઘણી બધી સમસ્યાઓ પડે છે, એ જાણવા માટે રાહુલ તેમની વચ્ચે પહોંચ્યા હતા.

કોંગ્રેસનેતા સુપ્રિયા શ્રીનેતે રાહુલનો વીડિયો શેર કર્યો છે. તેમણે લખ્યું, ’રાહુલ ગાંધી શા માટે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ખેલાડીઓ, સિવિલ સર્વિસની તૈયારી કરી રહેલા યુવાનોને, ખેડૂતોને, ડિલિવરી પાર્ટનર્સને, બસોમાં સામાન્ય નાગરિકોને અને હવે અડધી રાત્રે ટ્રક-ડ્રાઈવરોને કેમ મળી રહ્યા છે? કારણ કે તેઓ આ દેશના લોકોની વાત સાંભળવા માગે છે, તેમના પડકારો અને સમસ્યાઓ સમજવા માગે છે. તેમને આમ કરતા જોઈને એક વિશ્વાસ દેખાય છે, કોઈ તો છે, જે લોકોની સાથે ઊભા છે, કોઈ છે, જે તેમની સારી આવતીકાલ માટે કોઈપણ પ્રકારનું બલિદાન આપવા તૈયાર છે. કોઈ છે, જે નફરતના બજારમાં પ્રેમની દુકાન ખોલી રહ્યું છે. ધીરે ધીરે એ સમજાઈ રહ્યું છે કે આ દેશ પ્રેમ અને શાંતિના માર્ગ પર પાછો ફરવા માગે છે, ધીરે ધીરે આ દેશ આખરે રાહુલ ગાંધી સાથે આગળ વધી રહ્યો છે.

હરિયાણા કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું હતું કે રાહુલ સોનિયાને મળવા સિમલા પહોંચ્યા છે. હાલના દિવસોમાં સોનિયા સિમલામાં પ્રિયંકા ગાંધીના ફાર્મહાઉસમાં રહે છે. તેમણે કર્ણાટકના મુખ્યમંત્રી બાબતનો નિર્ણય પણ સિમલામાં રહીને લીધો હતો. સોનિયા અને પ્રિયંકા ૧૨ મેના રોજ કર્ણાટકમાં ચૂંટણી રેલીઓ બાદ અહીં આવ્યાં હતાં. ત્યારથી તેઓ અહીં જ રહે છે. પ્રિયંકાનું આ ફાર્મહાઉસ સિમલાથી ૧૪ કિમી દૂર છરાબડામાં છે. એ લગભગ ૭ વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું હતું. ત્યારથી ગાંધી પરિવારના સભ્યો ઉનાળાની રજાઓમાં અહીં આવતા રહે છે.

## મોડાસામાં જૂના ડબાને ચમકાવીને ‘તેલ નો ખેલ’ કરાતો હોવાનો પર્દાફાશ

હિમતનગર, અરવલ્લી જિલ્લામાં તેલના જૂના ડબ્બાનો ઉપયોગ કરીને બજારમાં પ્રચલિત બ્રાન્ડના તેલના નામે અન્ય તેલ વેચવાના કારોબારનો પર્દાફાશ થયો છે. મોડાસા એસઓજીને મળેલી બાતમીને આધારે જીઆઈડીસીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન એક ફેક્ટરીમાં આ પ્રકારે તેલના જૂના ડબ્બાને નવા અને જાણિતી બ્રાન્ડના નામે તૈયાર કરીને વેચાણ કરતુ હોવાનુ ખૂલ્યુ હતુ. પોલીસે કોપી રાઈટ સંદર્ભે કેસ નોંધીને આરોપીઓ સામે તપાસ શરુ કરી છે.

જો તમે બજારમાંથી નવા તેલના ડબ્બાની ખરીદી કરતા હોય તો, એક વાર નહીં ૧૦ વાર જોઈ ચકાસીને પછી જ ખરીદી કરજો. ક્યાંક નવા જેવો દેખાતો પોલીશ કરેલો તેલનો ડબો જૂનો ના હોય અને એમાં ભરેલા તેલની વાસ્તવિકતા કંઈક જૂદી જ ના હોય. કારણ કે આવો જ ખેલ મોડાસામાં પોલીસને હાથ લાગ્યો છે. મોડાસાની પોલીસે આ અંગે ગુનો દાખલ કરીને ઝડપી લીધો છે.

અરવલ્લી પોલીસની એસઓજી ટીમને આ અંગેની બાતમી મળી હતી. જેને લઈ ટીમ દ્વારા મોડાસા શહેરમાં આવેલી જીઆઈડીસી વિસ્તારમાં પ્રાથમિક વિગતો મેળવીને દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન એક શખ્શ ત્યાં હાજર મળી આવ્યો હતો અને જેની પાસેથી ૮ તેલના ડબા મળ્યા હતા. જે ડબા જાણિતી કસાસિયા તેલની બ્રાન્ડના નામે નકલી હોવાનુ જણાઈ આવ્યુ હતુ. દરોડો પાડવા દરમિયાન પોલીસને તેલના નકલી ડબા તૈયાર કરવાનો સામાન પણ મળી આવ્યો હતો. સ્થળ પરથી મળી આવેલા શખ્શ અમિત શાહની પૂછપરછ કરતા આ દરમિયાન તેણે નકલી ડબા તૈયાર કરતા હોવાનુ વિગતો બતાવી હતી.

## ગોધરા બામરોલી રોડ સત્યમ સોસાયટીમાં જુના ઝઘડામાં ૪ ઈસમો દ્વારા હુમલો કરતાં ફરિયાદ

ગોધરા, ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલી સત્યમ સોસાયટીમાં જુના ઝઘડાની અદાવતે ચાર ઈસમો દ્વારા એક વ્યક્તિ પર હુમલો કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલી સત્યમ સોસાયટીમાં આવેલા રાવળવાસમાં રહેતા કલ્પેશ મનુભાઈ રાવળે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત ૨૧ તારીખે રાત્રિના સમયે તેઓના ઘર પાસે રહેતા વરૂણભાઈ રાવળે કલ્પેશભાઈને જણાવ્યું હતું કે, બપોરના સમયે તે મારી બહેન સાથે કેમ ઝઘડો કર્યો હતો. તેમ જણાવીને વરૂણભાઈ રાવળ, રાકેશભાઈ રાવળ અને અશોકભાઈ રાવળ હાથમાં લાકડાના દંડા સાથે આવીને કલ્પેશભાઈને માથાના તેમજ હાથ પર મારીને ઈજાઓ પહોંચાડી હતી. તેમજ સૌરભ રાવળે કલ્પેશભાઈને પગના ભાગે લોખંડની પાઈપનો ફટકો મારીને ઈજાઓ પહોંચાડી હતી, તેમજ કલ્પેશભાઈના પરિવારજનો સચિન અને ગાયત્રીબેનને પણ ચારેય ઈસમોએ ભેગા મળીને ગડદા પાટુંનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારે ચારેય ઈસમો સામે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : આજે મેષ રાશિના લોકો માટે આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતથી તમને સારા પરિણામ મળશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. આજે મોસાળ તરફથી પ્રેમ અને વિશેષ સહયોગની સંભાવના છે. આજે શોખ માટે પૈસા ખર્ચશો.

વૃષભ : આજે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ વધારે ભીડમાં સાવચેત રહેવું. પગમાં ઈજા થવાની સંભાવના છે, સાવચેત રહો. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ થઈ શકે છે. આજે અટકેલા કામ પૂરા થશે.

મિથુન : આજનો દિવસ મિશ્રિત ફળ આપનારો છે. માનસિક અશાંતિ, ચિંતાના કારણે તમે ભટકી શકો છો. દિવસે માતા-પિતાનો ટેકો અને આશીર્વાદ રાહત આપશે. આજે સાસુ-વહુ તરફથી નારાજગીના સંકેત મળશે, મધુરવાણીનો ઉપયોગ કરો, નહીં તો સંબંધોમાં કડવાશ આવશે.

કર્ક : આજે કોઈપણ વ્યક્તિ, બેંક અથવા સંસ્થા પાસેથી લોન ના લેશો, આજે લોન લેવાનું મુશ્કેલ બનશે. આજે તમને સરકાર દ્વારા સન્માન મળવાની સંભાવના રહેશે. જૂના મિત્રોનો સહયોગ મળશે અને સારા મિત્રો મળશે.

સિંહ : તમારામાં દાન અને દાનની ભાવનાનો વિકાસ થશે. તમે ધાર્મિક વિધિઓમાં રુચિ માટે સંપૂર્ણ સહકાર આપશો. ભાગ્ય તરફથી પણ તમને પૂરો સહયોગ મળશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે.

કન્યા : આજે તમે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ વધારે ભીડમાં સાવચેત રહેવું. પગમાં ઈજા થવાની સંભાવના છે, સાવચેત રહો. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ થઈ શકે છે. આજે અટકેલા કામ પૂરા થશે.

તુલા : હિંમતભેર તેઓના મુશ્કેલ કાર્યો પાર પાડી શકશો. પર્યાપ્ત સહયોગથી તમને તમારા માતા-પિતાનું સુખ મળશે. શરીરમાં પીડાના કારણે પત્નીને થોડી મુશ્કેલી થઈ શકે છે. વ્યર્થ ખર્ચનો પણ યોગ છે, તમે લોકો વિશે સારું વિચારશો. પરંતુ લોકો તેને તમારી મજબૂરી અથવા સ્વાર્થ સમજીને ધ્યાનમાં લેશે. ધંધામાં ધનલાભ થશે.

વૃશ્ચિક : આજે વ્યર્થ ખર્ચ ટાળવો જોઈએ. જે લોકો બીમાર છે તેઓની આજે પીડા વધી શકે છે. પરંતુ સાંજ સુધી આરામ મળશે. સામાજિક પ્રવૃત્તિઓમાં અડચણ નડી શકે છે. કોઈની સહાયથી, અચાનક લાભથી ધર્મ પ્રત્યેની તમારી રુચિ વધશે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે.

ધન : આજે ધન રાશિના લોકોને કિંમતી વસ્તુઓ મળી શકે છે. પરંતુ આ સાથે બિનજરૂરી ખર્ચા પણ સામે આવશે, જે માટે ના ઈચ્છતા પણ મજબૂર થવું પડશે. સાસરિયાઓથી માન મળશે. તમને તમારા વ્યવસાયમાં મન લાગશે અને કામ પૂર્ણ થશે.

મકર : મન અશાંત રહેશે. આ કારણે ઘણી બધી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. એટલું જ નહીં, વ્યવસાયના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો આજે નિરર્થક થઈ શકે છે. સાંજ સુધીમાં તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનો પર વિજય મેળવવામાં સફળ થશો.

કુંભ : લોકો માટે આજનો દિવસ શુભ છે. તમારા હક અને સંપત્તિમાં વધારો થશે. તમે બીજાના માટે સારું વિચારશો અને હૃદયથી સેવા પણ કરશો. આજે જો તમારે નવા કાર્યોમાં રોકાણ કરવું હોય તો તે શુભ રહેશે. પરિવારમાં પણ શાંતિ અને આનંદ રહેશે. ગુરુજન અને વરિષ્ઠ નાગરિકોનો સહયોગ મળશે.

મીન : તમે ફક્ત મર્યાદિત અને જરૂરી ખર્ચા કરો છો. તમારા પરિવારના સભ્યોથી દગો થવાની સંભાવના છે. સાંજથી રાત સુધી નજીકની મુસાફરી પણ થઈ શકે છે, જે ફાયદાકારક રહેશે. કોઈ જૂના મિત્રને મળવાનું અથવા ફોનથી વાતચીત કરવામાં આનંદ થશે.

## મોર્મુગાઓએ મિસાઈલ ફાયરિંગમાં કમાલ કરી, લક્ષ્યને સફળતાપૂર્વક નષ્ટ કર્યું

નવીદિલ્હી, બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું ભારતીય નૌકાદળના પ્રથમ ફ્રન્ટલાઈન ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર ‘આઈએનએસ મોર્મુગાઓ’ પરથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ આ જાણકારી આપી. તેમણે કહ્યું કે આ દરિયામાં ભારતીય નૌકાદળની ફાયરપાવર દર્શાવે છે. નૌકાદળના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘નવીનતમ માર્ગદર્શિત મિસાઈલ વિનાશક આઈએનએસ મોર્મુગાઓએ તેની પ્રથમ બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલના પરીક્ષણ દરમિયાન ‘બુલ્સ આઈ’ લક્ષ્ય પર સફળતાપૂર્વક ફાયરિંગ કર્યું હતું.’’ આ જહાજ અને તેના શક્તિશાળી શસ્ત્રો બંને સ્વદેશી છે, જે ‘સ્વ-નિર્ભરતા’ અને દરિયામાં ભારતીય નૌકાદળની ફાયરપાવરનું પ્રતીક છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ઈન્ડો-રશિયન સંયુક્ત સાહસ બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું ઉત્પાદન કરે છે, જેને સબમરીન, જહાજો, એરક્રાફ્ટ અથવા લેન્ડ પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે. બ્રહ્મોસ મિસાઈલ મેક ૨.૮ અથવા ધ્વનિ કરતા લગભગ ત્રણ ગણી ઝડપે ઉડે છે. ભારત બ્રહ્મોસ મિસાઈલની પણ નિકાસ કરી રહ્યું છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં, ભારતે મિસાઈલની ત્રણ બેટરીની સપ્લાય માટે ફિલિપાઈન્સ સાથે ૩૭૫ કરોડ ડોલર ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગયા વર્ષે ડિસેમ્બરમાં જ ભારતીય નૌકાદળને મિસાઈલ ડિસ્ટ્રોયર વોરશિપ ‘મોર્મુગાઓ’ સમર્પિત કરી હતી. ભારતમાં બનેલા શક્તિશાળી યુદ્ધ જહાજોમાંથી એક, આઈએનએસ મોર્મુગાઓ, ૭,૪૦૦ ટન વજન ધરાવે છે, જેની લંબાઈ ૧૬૩ મીટર અને પહોળાઈ ૧૭ મીટર છે. તે બ્રહ્મોસ અને બરાક-૮ જેવી મિસાઈલોથી સજ્જ છે. તે ઈઝરાયેલના રડાર એમએફ એસટીએઆરથી સજ્જ છે, જે હવામાં લાંબા અંતરના લક્ષ્યોને શોધી શકે છે. ૧૨૭ મીમીની બંદૂકથી સજ્જ આઈએનએસ મોર્મુગાઓ ૩૦૦ કિમીના અંતરથી લક્ષ્યને ઝીલવામાં સક્ષમ છે. આઈએનએસ મોર્મુગાઓનું નામ પશ્ચિમ કિનારે ગોવાના ઐતિહાસિક બંદર શહેર પરથી રાખવામાં આવ્યું છે.

## UPSC સિવિલ સર્વિસનું પરિણામ જાહેર : ચાર યુવતી ટોપ ૪માં, ઈશિતા કિશોર સૌથી આગળ, ૯૩૩ સ્ટુડન્ટ્સનું સિલેક્શન થયું

નવીદિલ્હી, યુનિયન પબ્લિક સર્વિસ કમિશને યુપીએસસી સિવિલ સર્વિસ એક્ઝામનું પરિણામ જાહેર કર્યું છે. ઉમેદવારો તેમનું પરિણામ સત્તાવાર વેબસાઈટ પર જોઈ શકે છે. આ પરીક્ષામાં ટોપ ૪માં યુવતી આગળ છે, જેમાંથી ઈશિતા કિશોરે ઓલ ઈન્ડિયા રેંક-૧ મેળવ્યો છે.

બીજું સ્થાન ગરિમા લોહિયાએ અને ત્રીજું સ્થાન ઉમા હરતિ એનએ જીત્યું હતું. સ્મૃતિ મિશ્રા ચોથા ક્રમે અને ગેહાના નવ્યા જેમ્સ પાંચમા ક્રમે છે. ઉમેદવારોના માર્ક્સ પરિણામ જાહેર થયાના લગભગ ૧૫ દિવસ પછી જાહેર કરવામાં આવશે. ફાઈનલ રિઝલ્ટમાં કુલ ૯૩૩ ઉમેદવારની પસંદગી કરવામાં આવી છે, તેમાંથી ૩૪૫ ઉમેદવાર બિન અનામત, ૯૯ ઈડબ્લ્યુએસ, ૨૬૩ ઓબીસી, ૧૫૪ એસસી અને ૭૨ એસટી કેટેગરીના છે. ૧૭૮ ઉમેદવારની અનામત યાદી પણ તૈયાર કરવામાં આવી છે. આઈએએસ પદો પર પસંદગી માટે ૧૮૦ ઉમેદવારને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે.

## હિન્દુ બહેન-બેટીઓ સલામત ન હોય તો ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ : પ્રવીણ તોગડિયા



વડોદરા, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવીણ તોગડિયા વડોદરાની મુલાકાતે આવ્યા હતા, જ્યાં તેમણે વડોદરાના રાજમહેલ રોડ પર આવેલી જૂની કાછિયાવાડ સ્થિત કોઠી ફળિયામાં આવેલા શ્રીકૃષ્ણ મંદિરના ૪૫મા પાટોત્સવમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે કેરાલ ફિલ્મ દેશમાં ચાલી રહી છે. એ ભારતમાં હિન્દુઓની બહેન-બેટીઓ સલામત નથી, એનો ડોક્યુમેન્ટ છે, જો દેશમાં હિન્દુઓની બહેન-બેટીઓ સલામત ન હોય તો ચુલ્લુભર પાણીમાં ડૂબી જવું જોઈએ અને ફરીથી હિન્દુની બહેન-બેટીઓ અસલામત ન બને એ માટે દેશમાં એન્ટી લવ-જેહાદ કાયદો અને મુસલમાનોની વસતિ વધારો રોકવા માટે એને નિયંત્રિત કરવાનો કાયદો કરવાની માગણી કરવી જોઈએ. આ ફિલ્મનું માર્કેટિંગ થઈ રહ્યું છે. નાક કપાઈ જાય તો કપાઈ ગયેલા નાકનું કોઈ માર્કેટિંગ કરે?, ફરીથી નાક ન કપાય એવી વ્યવસ્થા, નહીંતર વડોદરા ફિલ્મ પણ બનશે, સુરત અને કર્ણાવતી ફિલ્મ પણ બનશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ દેશમાં ક્યાં સુધી આપણી બહેન-બેટીઓ લવ-જેહાદનો ભોગ બનશે. અમારો સંકલ્પ છે કે હિન્દુસ્તાનમાં એકપણ બહેન-બેટીને લવ-જેહાદનો ભોગ નહીં બનવા દઈએ. ન અમારો દીકરો કનૈયો બનશે કે ન અમારી દીકરી શ્રદ્ધા બનશે. આવું કરવાવાળાને ભારતમાં જડબાંતોડ જવાબ આપીશું, અમે ફરીથી ભારતમાં હિન્દુ શેરને જગાડવા માગીએ છીએ. જેમણે બાબરની છાતી પર પગ મૂકીને રામમંદિર બનાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે પ્રશ્ન થાય છે કે રામનવમી પર જ હુમલો કેમ થાય છે. કેમ હિન્દુનો છોકરો કિશન ભરવાડ, કનૈયા મરી રહ્યા છે. કેમ મહોરમ પર હુમલો થતા નથી. આ દેશમાં ક્યાં સુધી હિન્દુ માર ખાશે. અમે હિન્દુઓને જગાડવા માટે દેશનાં લાખો ગામોમાં શહેરોની કોલોની અને સોસાયટીઓમાં દર શનિવારે હનુમાન ચાલીસાના પાઠ શરૂ કરાવીને ભગવાન હનુમાનજીની ગદા દરેક ગામ અને ગલીઓમાં ઊઠશે અને એકપણ હિન્દુનું નામ લેવાવાળાને જડબાંતોડ જવાબ આપવાની તાકાત આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ ઓજસ્વીની શરૂ કરી રહી છે.

પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીમાં ગુજરાતના દિવ્ય દરબાર અંગે પ્રવીણ તોગડિયાએ જણાવ્યું હતું કે હિન્દુઓના દેશમાં કાર્યક્રમ નહીં થાય તો શું મક્કા-મદીનમાં થશે? ડાકોર અને કપડવંજમાં વિધર્મીઓના ત્રાસથી મહિલાઓ આપઘાત કરી રહી છે, એ અંગે તેમણે જણાવ્યું હતું કે ભારતમાં હિન્દુ સલામત નથી. રામનવમીમાં હિન્દુઓની શોભાયાત્રામાં હુમલો, ધંધૂકામાં કિશન ભરવાડને માર્યો, કાલે એક દીકરીને મરવું પડ્યું, ક્યાં સુધી આ નાટકો ચાલશે? બંધ કરો અને આ દેશમાં કોઈપણ હિન્દુનું નામ લેવાની કોઈ હિંમત ન કરે એવી તાકાત હિન્દુ ઊભી કરે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યાં પણ અશાંતધારો છે, ત્યાં એકપણ હિન્દુની મિલકત વેચાવી ન જોઈએ. હું આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળને કહીશ કે આંદોલન કરો અને કોઈ મિલકત વેચાતી હોય તો વેચવાની જવાબદારી સરકારની છે.

# દાહોદના ગલાલીયાવાડ વિસ્તારમાં મહુડી ઝોલા ફળીયામાં નલ સે જલ યોજના માત્ર કાગળ ઉપર હોવાના આક્ષેપ



દાહોદ,

દાહોદ શહેરના ગલાલીયાવાડ વિસ્તારમાં મહુડી ઝોલા ફળિયા ખાતે નળ સે જળ યોજનાનો ફિયાસ્કો થવા પામ્યો છે. આ યોજના માત્રને માત્ર કાગળ પર હોવાના આક્ષેપો થવા માંડચાં છે. સ્થાનીક નેતાઓ તેમજ સંલગ્ન તંત્રના અધિકારીઓની મીલીભગતના કારણે નળ સે જળ યોજનામાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો પણ સ્થાનીકો દ્વારા કરવામાં આવ્યાં છે.

હાલ કાળઝાળ ગરમીની વચ્ચે દાહોદ જીલ્લામાં જ્યાં જુઓ ત્યાં પાણીનો કકળાટ જોવા મળી રહ્યો છે. જીલ્લાની શહેરી પ્રજાથી લઈ ગ્રામીણ પ્રજા ભર ઉનાળે પાણી માટે વલખા મારી રહી છે. દાહોદ જીલ્લાના ઘણા તાલુકાઓ, શહેરી વિસ્તારો, ગ્રામીણ વિસ્તારોમાં નળ સે જળ યોજનાનો ફિયાસ્કો થવા પામ્યો છે. નળ સે જળ યોજના દાહોદ જીલ્લામાં માત્ર કાગળ પર હોવાની બુમો ઉઠવા પામી છે. નળ સે જળ યોજનામાં પણ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે દાહોદ શહેરમાં આવેલ ગલાલીયાવાડ વિસ્તારમાં મહુડી ઝોલા ફળિયા ખાતે ભરઉનાળે લોકો પાણી માટે વલખા મારી રહ્યાં છે. આ વિસ્તારમાં નળ સે જળ યોજના માત્રને માત્ર કાગળ પર હોવાના આક્ષેપો થઈ રહ્યાં છે. અહીંના સ્થાનીક કેટલાંક સ્થાનીક લોકોના ઘરની આગળ નળ સે જળ યોજનાની પાઈપો અને નળ તો નાંખી દેવામાં આવ્યાં છે પરંતુ નળ માંથી માત્ર હવા આવતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. નળમાંથી પાણી આવતું નથી. લોકો ટેન્કરો મારફતે પાણી લાવવા મજબુર બન્યાં છે. અહીંના સ્થાનીક લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે. સરકારી તંત્ર તેમજ અધિકારીઓની મીલીભગતના કારણે નળ સે જળ યોજના માત્ર કાગળ પર હોવાના આક્ષેપો પણ થઈ રહ્યાં છે. આ મામલે અહીંની સ્થાનીક મહિલાઓ દ્વારા સંલગ્ન તંત્રને લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે.

# ગરબાડાના દાદુર ગામે નર્મદા હાફેશ્વર આધારિત મેન પાણીની પાઈપ લાઈનમાં ભગાણ સર્જાતા પાણીનો વેડફાટ



દાહોદ,

ગરબાડા તાલુકાના દાદુર ગામ ખાતે દિવ્ય જ્યોત શાળાની સામે ગાંગરડી આવતા રોડ ઉપર નર્મદાના પાણીની હાફેશ્વર યોજનાની મેઈન પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેના પગલે પાઈપ લાઈનમાંથી હજારો લીટર પાણીનો બગાડ જોવા મળ્યો હતો. પાઈપલાઈનમાં ભંગાણ થવાની જાણ તંત્રને કરાતા તંત્ર દ્વારા આ બાબતે પગલાં લેવાની તજ વીજ હાથ ધરવામાં આવી હતી. તો અગાઉ પણ આ જગ્યા ઉપર પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું.જે સંલગ્ન વિભાગ દ્વારા તેનું રીપેરીંગ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખની છેકે, ભરઉનાળામાં એક તરફ દાહોદ જીલ્લાના જુદા જુદા વિસ્તારોમાં પાણીનો કકળાટ જોવા મળી રહ્યો છે. ત્યારે જવાબદારોની નિષ્કાળજીના પગલે અવારનવાર પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીનો વેડફાટ જોવા મળી રહ્યો છે. જોકે, હાલ પાણીની સમસ્યા ઉદ્ભવતા ગરબાડા સહિતના આસપાસના વિસ્તારમાં ઉનાળાની ઋતુ દરમિયાન કોઈ ખાસ વાવણી કરવામાં આવી નથી. જોકે હાફેશ્વર યોજનાની આસપાસના ખેતરોમાં ખેડૂતો દ્વારા વાવણી કરવામાં આવી હોત તો ખેતીને પણ વ્યાપક નુકસાન પહોંચતું ત્યારે હાલ તો સંબંધિત વિભાગ દ્વારા ખાંડની પાઈપ લાઈનમાં સર્જાયેલા ભંગાણને રીપેર કરવાની કામગીરીમાં જોડાયા છે.

# દે.બારીયાના કુવા ગામે મકાનમાંથી ૧.૯૩ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ પોલીસે દેવગઢ બારીઆ તાલુકાના કુવા ગામે સીમોડા ફળિયામાં એક બુટલેગરના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી રૂા. ૧.૯૩ લાખ ઉપરાંતની કિંમતના વિદેશી દારૂ-બીયરનો જથ્થો પકડી પાડી કબજે લઈ બુટલેગરની અટક કર્યાનું જાણવા મળ્યું છે.

કુવા ગામના સીમોડા ફળિયામાં રહેતા બુટલેગર રણજીતભાઈ બાબુભાઈ પટેલ તથા ઝાળ ગામના વહાલા ફળિયામાં રહેતા વિજયભાઈ ચીમનભાઈ પટેલ એમ બંને જણાના મેળપીપણામાં વિજયભાઈ ચીમનભાઈ પટેલે એક પીકપ ડાવલામાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ-બીયરનો મોટો જથ્થો ભરી લઈ આવી કુવા ગામના રણજીતભાઈ બાબુભાઈ પટેલના રહેણાંક મકાનમાં ઉતાર્યો હોવાની દે.બારીયા પોલીસને બાતમી મળી હતી. જે બાતમીના આધારે દે.બારીયા પોલીસની ટીમે કુવા ગામના સીમોડા ફળિયામાં રહેતા રણજીતભાઈ બાબુભાઈ પટેલના રહેણાંક મકાનમાં બપોરના પોણા ચાર વાગ્યાના સુમારે ઓચિંતી પ્રોહી રેડ પાડી રહેણાંક મકાન માંથી રૂા. ૧,૯૨,૯૫૨/- ની કુલ કિંમતની વિદેશી દારૂના કાચના તથા પ્લાસ્ટીકના કવાટરીયા તથા પતરાના ટીન મળી કુલ બોટલ નંગ-૧૬૦૮ ભરેલ ખાખી તેમજ લાલ કલરના પુઠાની પેટીઓ નંગ-૪૬ પકડી પાડી રૂા. ૨૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન, રેશન કાર્ડ, આધારકાર્ડ વગેરે મળી રૂા. ૧,૯૩,૯૫૨નો મુદ્દામાલ કબજે લઈ ઘરધણી રણજીતભાઈ બાબુભાઈ પટેલની અટક કરી દે.બારીયા પોલીસે કુવા ગામના સીમોડા ફળિયાના રણજીતભાઈ બાબુભાઈ પટેલ તથા ઝાબ ગામના વચલા ફળિયામાં રહેતા વિજયભાઈ ચીમનભાઈ પટેલ વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલી ઝાલોદ રોડ પર વારંવાર સર્જાતા ટ્રાફિક જામથી વાહન ચાલકો કંટાળ્યા

**- રસ્તાની કામગીરી તેમજ આડેધડ પાર્કિંગના પગલે ઠેર-ઠેર ટ્રાફિક ગામના દ્રશ્યો : તંત્ર ટ્રાફિક દૂર ક્યારે કરશે?**

**- તંત્ર દ્વારા પોઈન્ટ મૂકી ટ્રાફિક દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.**



સંજેલી,

સંજેલીમાં જુદા જુદા વિસ્તારોમાં રસ્તા નવીનીકરણની કામગીરી ગોકુળગતીએ ચાલી રહી છે. અને તેમાંય એજન્સી દ્વારા હલકી ગુણવત્તા યુક્ત કામગીરી કરતા રસ્તાની કામગીરીને લઈ ભારે વિવાદ ઉઠવા પામ્યો છે. તો બીજી તરફ રસ્તાની અધુરી કામગીરી નગરના જુદા જુદા વિસ્તારમાં વાહન ચાલકો દ્વારા આડેધડ પાર્કિંગ કરી દેતા ઠેર-ઠેર ચક્કાજામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. અધૂરામાં પૂરું હાથલારી, તેમજ પથારા વાળાઓએ અડીંગો જમાવી દેતા પરિસ્થિતિ વધુ કપરી બનવા પામી છે. તેમાંય સંજેલી-ઝાલોદ રોડ ઉપર વાહન ચાલક પોતાની મનમાની ચલાવીને રોડ પર જ આડેધડ પાર્કિંગ કરતા વારંવાર ટ્રાફિક જામ સર્જાતા વાહન ચાલકો તેમજ રાહદારીઓ કંટાળ્યા છે. સંજેલી વિસ્તારમાં ઉદ્ભવા પામેલી ટ્રાફિકની આ સમસ્યાને સ્થાનિક તંત્ર દ્વારા ગંભીરતાથી લઈ ઝાલોદ રોડ પર પોઈન્ટ મૂકી ટ્રાફિક દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# આરોપીઓની વધુ પુછપરછ ન કરવા પોલીસ અધિકારીને ફોન ઉપર ધમકી આપતાં ફરિયાદ

દાહોદ,

ગુનાના આરોપીઓની વધુ પુછપરછ ન કરવા, તેમજ ગુનાની તટસ્થતાથી તપાસ ન કરવાના હેતુસર એક વ્યક્તિએ પોતાના મોબાઈલ પરથી દાહોદ જીલ્લાના ફતેપુરા પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ અધિકારીને ફોન પર વારંવાર ધમકીભર્યા અવાજે વાતચીત કરી ફોન પર જ જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

સુરપાળસિંહ ઠાકોર નામના અજાણ્યા વ્યક્તિએ ગત તા. ૨૦-૫-૨૦૨૩ના રોજ રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે ફતેપુરા પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ અધિકારી પી.એસ.આઈ ગોપાલભાઈ કરશનભાઈ ભરવાડને તેના પોતાના નંબરના મોબાઈલ ફોન પરથી ફોન કરી હું પોતે સુરપાલસિંહ ઠાકોર બોલી રહ્યો છું અને ગુનાના કામના આરોપીઓને તમે બહાર કેમ કાઢો છો ? તમારા પોલીસ સ્ટેશનમાં લગાડેલા સીસીટીવી કેમેરા જોઈ રહ્યું છું, તેમ કહેતા પીએસઆઈ જી.કે.ભરવાડે જણાવેલ કે, તપાસ અર્થે આરોપીને લોકપમાંથી બહાર કાઢીએ છીએ અને તે રિમાન્ડ પર છે અને આ મામલે તમારે શુ લેવાદેવા છે તેમ કહેતા સુરપાલસિંહ ફોન પર ઉશ્કેરાયો હતો હું તમારા પોલીસ સ્ટેશનની તમામ ગતિવિધિઓ હું જોઈ રહ્યો છું તમે પોલીસ સ્ટેશનમાં શુ કરો છો તે તમામ મારા ધ્યાન પર છે. જો હવે ફરીથી અમારા સગા રણજીતસિંહ ઠાકોર અને હિમ્મતસિંહ ઠાકોરને જો લોકપમાંથી બહાર કાઢ્યા છે, તો મજા નહી આવે તેમ જણાવી ફોન પર વારંવાર ગર્ભીત ધમકીભર્યા અવાજે હેતુસર ગુનાના આરોપીઓની વધુ પુછપરછ ન કરવા તેમજ ગુનાની તટસ્થાથી તપાસ ન કરવા ધમકીઓ આપી રાજ્ય સેવકની સરકારી ફરજમાં અડચણ ઉભી કરી હતી.

આ સંબંધે ફતેપુરા પી.એસ.આઈ ગોપાલભાઈ કરસનભાઈ ભરવાડે નોંધાવેલ ફરિયાદને આધારે ફતેપુરા પોલીસે સુરપાળસિંહ ઠાકોરના નામના ઈસમ વિરૂધ્ધ ૧૮૬, ૧૮૯, ૫૦૬, ૫૦૭ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલીના પીછોડા ગામે અપાચી બાઈક ચાલકે યુવકને ટક્કર મારતાં ઘટના સ્થળે મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના પીછોડા ગામે નાળ ફળિયા રોડ પર પોતાના ઘર તરફ આવવા મુખ્ય રસ્તા પર આવેલ પીછોડા ગામના યુવકને પુરપાટ દોડી આવતી અપાચી મોટર સાયકલની પાછળથી ટક્કર વાગતાં માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યાનું તેમજ મોટર સાયકલ પોતાના કબજાની મોટ સાયકલ સ્થળ પર જ મૂકી નાસી ગયાનું જાણવા મળેલ છે.

એક મોટર સાયકલ ચાલકને તેના કબજાની જીજે-૨૦ બી.સી.-૭૫૯૮ નંબરની અપાચી મોટર સાયકલ ગતરોજ સવારે સાડા સાત વાગ્યાના સુમારે પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી પોતાના ઘર તરફ આવવા નીકળેલ પીછોડા ગામના નાળ ફળિયામાં રહેતા મુકેશભાઈ હીરાભાઈ બારીયાને પાછળથી જોશભેર ટક્કર મારી પોતાના કબજાની અપાચી મોટર સાયકલ સ્થળ પર જ મૂકી નાસી ગયો હતો. જ્યારે રોડ પર પટકાયેલા મુકેશભાઈ બારીયાને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ સંજેલી પોલીસને થતાં સંજેલી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃત્તક મુકેશભાઈ બારીયાની લાશનું પંચો રૂબરૂ પંચનામુ કરી લાશને પોસ્ટ મોર્ટમ માટે સંજેલી સરકારી દવાખાને મોકલી આપી સ્થળ પર પડેલ અપાચી મોટર સાયકલ કૂબજે લઈ પીછોડા ગામના નાળ ફળિયામાં રહેતા મરણ જનાર મુકેશભાઈ બારીયાના ભાઈ હરેસિંહભાઈ હિરાભાઈ બારીયાએ નોંધાવેલી ફરિયાદને આધારે સંજેલી પોલીસે અપાચી મોટર સાયકલના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ નગરમાં મહારાણા પ્રતાપના ૪૮૩માં જન્મોત્સવ નિમિત્તે પૂજન અર્ચન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ રામસાગર તળાવના કિનારે આવેલ રામેશ્વર મહાદેવ મંદિરના ખુલ્લા કુદરતી નયનરમ્ય વાતાવરણની વચ્ચે તારીખ ૨૨-૦૫-૨૦૨૩ નાં રોજ રાત્રીના ૯ કલાકે સનાતન હિન્દુ ધર્મના સહુ લોકોએ ભેગા મળીને વીર મહારાણા પ્રતાપની ૪૮૩મી જન્મજયંતિ નિમિત્તે પૂજા અર્ચનનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં નગરના સહુ યુવાઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. મહારાણા પ્રતાપના જન્મોત્સવ નિમિતે આવેલ સહુ લોકોએ મહારાણા પ્રતાપની જય જય કાર સાથે વાતાવરણ ગજવી દીધું હતું. તેમજ ઉપસ્થિત સહુ લોકોએ મહારાણા પ્રતાપને પુષ્પ અર્પણ કર્યા હતા. હિન્દુ આગેવાન એવા ભરતભાઈ મિસ્ત્રી દ્વારા મહારાણા પ્રતાપ વિશે ખૂબ જ સુંદર જાણકારી આપી હતી. તેમજ આજના યુગમાં હિન્દુ ધર્મ પ્રત્યે સમર્પિત થઈ આજના યુવાઓ મહારાણા પ્રતાપના જીવન જેવું નિર્ભય જીવન જીવે તેમજ આજના યુવા મહારાણા પ્રતાપના જીવન માંથી બોધપાઠ લઈ શીખે તે વિશે ખુબ જ સુંદર માહિતી આપવામાં આવી હતી.

# દે.બારીયા શહેરમાં વિજ પુરવઠો બંધ કરાતા આમ જનતા હેરાન પરેશાન થઈ ગઈ હતી

દે.બારીયા,

દે.બારીયા શહેર અને આસપાસના ગામડામાં તા.૨૩/૦૫/૨૦૨૩ના મંગળવારના રોજ સવારે ૬-૦૦ કલાકેથી વિજ પુરવઠો બંધ કરાતા સવારથી આમ જનતા મીઠી નિંદ્રા માંથી જાગી ગયા હતા અને હેરાન પરેશાન જોવા મળ્યા હતા.

મળતા સુત્રો અનુસાર એમ.જી.વી.સી.એલ. કંપનીના દ્વારા આમ તો દર મંગળવારે અલગ અલગ વિસ્તારોમા મેન્ટનન્સનું કાર્ય હાથ ધરાય છે પણ આખા શહેરનું વિજ પુરવઠો બંધ કરાતો ન હતો. જે વિસ્તારનું મેન્ટનન્સનું કાર્ય કરાતું હોય તે વિસ્તારમાંની વિજ પુરવઠો બંધ કરાતો હોય છે. આ મંગળવારે તો આખા શહેરનો વિજ પુરવઠો બંધ કરાતા લોકો હેરાન પરેશાન થયા હતા. કાર્યપાલક ઈજનેરને અનુરોધ છે. જે તે વિસ્તારમાંનું મેન્ટનન્સ કાર્ય હાથ ધરાય તેજ વિસ્તારનું વિજ પુરવઠો બંધ કરવામાં આવે તો સરકારી કાર્યો તેમજ વેપારી ભાઈઓ સાથે સાથે આમ જનતા પરેશાનીમાં ના મુકાય તેવી તજવીજ હાથ ધરાય પહેલા તો દર મંગળવારે અલગ અલગ વિસ્તારો જે નક્કી કરેલા વિસ્તારો જેમાં મેન્ટનન્સ કાર્ય કરવાનો છે. તે જ વિસ્તારોનું વિજ પુરવઠો બંધ રખાતો હતો. જેથી લોકોને કાળઝાળ ગરમીમાં રાહત મળે તે મુજબ મોન્સુન પહેલાનું મેન્ટનન્સનું કાર્ય કરાય તેમાં કોઈ વાંધો નથી પરંતુ આખા શહેરના નાગરિકોને બાનમાં લેવા તે કેટલું વ્યાજબી છે.

# ઝાલોદ રામેશ્વર મંદિરે નગરની ૭મી ભવ્ય રથયાત્રાના આયોજન અંગે બેઠક યોજાઈ



ઝાલોદ,

ઝાલોદ નગરની હિન્દુ સનાતન ધર્મ સમિતિ સદા સહુ હિન્દુ ઉત્સવ ખૂબ જ ધામ ધૂમથી ઉજવતા આવ્યા છે. આ વખતે ભગવાન જગન્નાથની નગરની ૭મી રથયાત્રા નીકળનાર છે અને તેના આયોજનમાં કોઈ કચાશ ન રહે તે માટે રથયાત્રા પૂર્વે આજ રોજ ૨૨-૦૫-૨૦૨૩ ના સોમવારના દિવસે રામેશ્વર મહાદેવ મંદિરે બેઠક યોજાઈ હતી. ભગવાન જગન્નાથ, ભાઈ બલદેવ અને બહેન સુભદ્રાની નગરમાં ભવ્ય શોભાયાત્રા યોજાય, તે માટે ઉપસ્થિત સહુ લોકો પાસે માર્ગ દર્શન લેવામાં આવ્યું હતું. તેમજ આગામી તારીખ ૨૦-૦૬-૨૦૨૩ નારોજ નગરમાં નીકળનાર રથયાત્રામાં વિશેષ શું કરવું. તેવા મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત સહુ લોકોનો એક જ સૂર હતો કે નગરમાં યોજાનાર રથયાત્રા ભવ્યાતિભવ્ય હોવી જોઈએ.

# ગુજરાત ભાજપે પ્લાન બદલ્યો : હાંસિયામાં ધકેલાયેલા સિનિયર

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ ની ચૂંટણીમાં જંગી જીતનો પરચમ લહેરાવનાર સીઆર પાટીલનો જાદુ હવે ધીરે ધીરે ઓસરી રહ્યો છે. એક તરફ કર્ણાટક ચૂંટણીમાં ગુજરાત મોડલ ફેલ ગયું. તો બીજી તરફ, હવે ગુજરાત ભાજપ સંગઠનમાં પણ લીધેલા કેટલાક નિર્ણયો નિષ્ફળ સાબિત થઈ રહ્યાં છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાઁ ભાજપે યુવા ચહેરોને કામે લગાડ્યા હતા. સરકાર સંગઠન બધે જ યુવાઓને પ્રાધાન્ય આપ્યુ હતું. યુવા નેતાઓને જિલ્લા પ્રભારી બનાવીને તેઓને જિલ્લાની જવાબદારી સોંપી હતી, પરંતુ હવે આ નિર્ણય બદલવો પડ્યો છે, અને ફરી સિનિયર અને જૂના નેતાઓને કામે લગાડવામાં આવ્યા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ હવે ભાજપે લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ પાટીલે આ માટે રણનીતિ ઘડવાની શરૂ કરી દીધી છે. ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીને લઈને પાટીલે મહત્વની જાહેરાત કરી છે. લોકસભા ચૂંટણીમાં દરેક બેઠક પર અલગથી પ્રભારી મુકાશે. પરંતુ હવે જમીની હકીકત એવી સામે આવી છે કે, પ્રભારી યુવા નેતાઓને સ્થાનિક સંગઠન ગણકારતું નથી. તેથી ભાજપનો આ પ્રયોગ સફળ ન થયો. જેથી ભાજપે અનુભવી સિનિયરોને પાછા કામે લગાડ્યા છે.

ભાજપ ગુજરાતને રાજકારણની પ્રયોગશાળા ગણે છે. અહી જે પ્રયોગો થાય છે તેને રાષ્ટ્રીય સ્તરે લાગુ કરવામાં આવે છે. આંતરિક માહિતી મુજબ, સ્થાનિક સનિયરો યુવા નેતાઓને ગાંઠતા નથી. તેથી ભાજપને પોતાનો નિર્ણય બદલવો પડ્યો છે. તો બીજી તરફ, યુવા પ્રભારી સ્થાનિક સિનિયર નેતાઓની ભલામણોને અવગણતા હતા. જેથી ભાજપે નવા પ્રભારીઓની નિમણૂંક કરી છે. જેમાં સંગઠન સાથે જોડાયેલા, સરકારમાં જોડાયેલા નેતાઓ તથા ભૂતપૂર્વ ધારાસભ્યો અને સાંસદો સામેલ છે. હવે આ સિનિયર નેતાઓ ફરીથી મેદાનમાં ઉતર્યા છે.

આ નિર્ણયો બદલવા વિશે ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે જણાવ્યું કે, વિધાનસભાની ચૂંટણી હતી તેથી તે વખતે જિલ્લા પ્રભારી તરીકે યુવાન લોકોને ઉતાર્યા હતા, હવે લોકસભાની ચૂંટણી મોટા સ્તરે થતી હોવાથી તેના પ્રભારી તરીકે અનુભવી અને સીનિયર લોકોની જરૂર વધુ હોવાથી તેમને જવાબદારી સોંપવામાં આવી છે.

# વિરમગામની પાટડી સરકારી હોસ્પિટલમાં સગર્ભાના મૃત્યુથી વિવાદ, પરિવારજનોનો બેદરકારીનો આક્ષેપ

અમદાવાદ,

ગુજરાતના અમદાવાદ જિલ્લાના વિરમગામની પાટડી સરકારી હોસ્પિટલમાં સગર્ભાના મૃત્યુથી વિવાદ સર્જાયો છે. જેમાં સર્ગભાના મૃત્યુ બાદ પરિવારજનોનો ડૉક્ટર અને સ્ટાફ પર બેદરકારીનો આક્ષેપ મૂક્યો છે. જેમાં દીકરીના જન્મ બાદ મહિલાની તબિયત લથડતા મૃત્યુ થયુંહતું. દીકરીના જન્મ બાદ સગર્ભાની તબિયત લથડી હતી. જેના પગલે ૧૦૮ મારફતે વધુ સારવાર માટે અમદાવાદ સિફટ કરવામાં આવી હતી. જે દરમ્યાન સગર્ભા મહિલાનું અવસાન થયું હતું. જ્યારે તેનીબાદ સગર્ભા મહિલાના મૃતદેહને પીએમ અર્થે વિરમગામની સરકારી હોસ્પિટલ ખસેડાયો છે. તેમજ વિરમગામ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.232

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા APMCની ચુંટણીમાં ભાજપ પ્રેરિત વેપારી અને સહકારી પેનલ બિનહરીફ જાહેર કરાઈ

## ૩૧મેના રોજ ખેડુત વિભાગના ૧૫ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ ખેલાશે



ગોધરા,

ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનું ૩૧ મેના રોજ ચુંટણી યોજાનાર છે. તે પહેલા એપીએમસીનું ચુંટણી ચિત્ર થવા પામ્યું. ભાજપ પ્રેરિત સહકાર વિભાગ અને વેપારી વિભાગ પેનલને બિનહરીફ જાહેર કરવામાં આવી હોય ૧૫ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ યોજાશે.

ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ૩૧મેના રોજ ૧૬ હોદ્દેદારો (સભ્યો) ચુંટણી યોજાનાર છે. ગોધરા એપીએમસી ખેડુત વિભાગ, માન્ય વેપારી મત વિભાગ, સહકારી ખરીદ વેચાણ મંડળી મળી ત્રણેય વિભાગો માંથી ૪૬ ફોર્મ માન્ય રહેવા પામ્યા હતા. આજરોજ ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલ ફોર્મ પરત ખેંચવાના દિવસે વેપારી વિભાગ માંથી કુલ ૯ ફોર્મ માંથી ૫ ફોર્મ પરત ખેંચવામાં ૪ ફોર્મ જેના લઈ ભાજપ પ્રેરિત વેપારી વિભાગની પેનલ બિનહરીફ જાહેર કરવામાં આવી. સહકારી વિભાગના કુલ ૫ ફોર્મ માંથી ૩ ફોર્મ પરત ખેંચતા ૨ ફોર્મ બાકી રહેતા ભાજપ પ્રેરિત સહકારી વિભાગની પેનલ બિનહરીફ જાહેર કરવામાં આવી. જ્યારે ખેડુત વિભાગમાં કુલ ૩૨ ફોર્મ માન્ય હતા. આજે ફોર્મ પરત ખેંચવાના દિવસે ઉમેદવારો દ્વારા ૧૭ ફોર્મ પરત ખેંચતા ૧૫ ખેડુત વિભાગના ઉમેદવારો વચ્ચે ૩૧ મેના રોજ ચુંટણી જંગ ખેલાશે.

# ઘોઘંબાના નવા ગામના માજી ડે.સરપંચે આત્મવિલોપનનો પ્રયાસ કરતાં ચકચાર





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના નવા ગામના માજી ડેપ્યુટી સરપંચે પંચમહાલ જિલ્લાની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી બહાર આત્મવિલોપનનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. જમીન સમતલ કરવાની અરજીઓની વહીવટી મંજૂરીઓ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ધક્કા ખવડાવતા હોવાના આક્ષેપો સાથે છેલ્લા એક વર્ષથી કચેરીના ધક્કા ખાઈ થાકી ગયેલા માજી ડેપ્યુટી સરપંચે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. જોકે, ત્યાં હાજર પોલીસે તેઓના આત્મવિલોપનનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. ઘોઘંબા તાલુકાના નવાગામના કેટલાક જમીન સમતળ કરવાના કામોની વહીવટી મંજૂરી માટે છેલ્લા એક વર્ષ ઉપરાંતના સમયથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરીના ધક્કા ખાઈને થાકી ગયેલા નવા ગામના માજી ડેપ્યુટી સરપંચ કંચન મકવાણાએ આજે કચેરીની બહાર આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો. સ્થળ ઉપર હાજર પોલીસે આત્મવિલોપનનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો અને કંચનભાઈની અટકાયત કરી હતી. તેમ છતાં ન્યાય નહીં મળે તો ફરી આત્મવિલોપન કરવાની માજી ડેપ્યુટી સરપંચે ઉચ્ચારી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં જમીન સમતળ કરવા માટેની કેટલીક વહીવટી મંજૂરીઓ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા ધક્કા ખવડાવવામાં આવી રહ્યાં હોવાના આક્ષેપો નવા ગામના માજી ડેપ્યુટી સરપંચ દ્વારા કરવામાં આવ્યા છે.

# શહેરાના ફોરેસ્ટ ટીમ દ્વારા ટીમ્બા પાટીયા થી ગમન બારીયા રોડ ઉપર પંચરાવ લાકડાના ૪ વાહનો ઝડપ્યા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા વનવિભાગની ટીમે ટીમ્બા પાટીયા અને ગમન બારીયાના મુવાડા રોડ પરથી નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન પંચરાઉ અને ઈમારતી લાકડા ભરેલ ૪ વાહનો ઝડપી પાડી ને કાર્યવાહી હાથધરી હતી.

વન વિભાગ ના આર.એફ.ઓ રોહિત પટેલ સહિતના સ્ટાફે એક જ દિવસમાં બે અલગ અલગ સ્થળેથી લાકડા ભરેલ ૪ વાહનો ઝડપી પાડી અંદાજીત રૂ.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો.

શહેરા વનવિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર રોહિત પટેલે લાકડા ચોરી સામે લાલઆંખ કરી એક જ દિવસમાં ગેરકાયદેસર લાકડા ભરેલ ૪ વાહનોને ઝડપી પાડ્યા હતા. સોમવારની રાત્રિએ શહેરા રેન્જ ફોરેસ્ટ ઓફીસર આર.વી. પટેલ તેમજ શહેરા વનરક્ષક એચ.કે. ગઢવી, ગુણેલી ઇ.ચા. રાઉન્ડ ફોરેસ્ટ એન.જી. સોલંકી, સાજીવાવ ઇ.ચા. રાઉન્ડ ફોરેસ્ટ એમ.જી. ડામોર, શેખપુર વનરક્ષક કે.આર. બારીયા, નવાગામ વનરક્ષક સી.સી.પટેલ સહિત વનવિભાગની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે ગમન બારીયાના મુવાડા, ટીમ્બા પાટીયા રોડ પરથી લાકડા ભરેલ વાહનો પસાર થવાના છે. જે બાતમીના આધારે શહેરા વનવિભાગની ટીમે ટીમ્બા પાટિયા રોડ પરથી પસાર થતી ટ્રક નંબર GJ-06-T-3155 અને GJ-23-X-1111ને ઉભી રખાવી તેમાં તપાસ કરતા એક ટ્રકમાં મહુડાના લાકડા જ્યારે બીજી ટ્રકમાં પંચરાઉ લાકડા ભરેલ હોવાનું નજરે પડતા ચાલક પાસે લાકડા અંગે આધાર પૂરાવા માંગતા ચાલકે કોઈ આધાર રજૂ ન કરતા વનવિભાગે બંને ટ્રકને ઝડપી પાડી હતી. જ્યારે ગમન બારીયાના મુવાડા રોડ ઉપર વોચ ગોઠવી ત્યાંથી પસાર થતી ટ્રક નંબર GJ-06-Y-9293 અને GJ-17-X-5338ને ઉભી રખાવી તેમાં તપાસ કરતા તેમાં પંચરઉં લાકડા ભરેલ નજરે પડ્યા હતા. જેને લઈને વનવિભાગની ટીમે ચાલક પાસે લાકડા અંગે આધાર પૂરાવા માંગતા ચાલકે આધાર પૂરાવા રજૂ નહીં કરતા બંને ટ્રકને ઝડપી પાડી હતી. આમ, શહેરા વનવિભાગની ટીમે એક જ દિવસમાં બે અલગ અલગ સ્થળેથી પંચરાઉ અને ઈમારતી લાકડા ભરેલ ૪ વાહનોને ઝડપી પાડી શહેરા વનવિભાગની કચેરીએ લાવી અંદાજીત રૂ.૧૫ લાખનો મુદામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે શહેરા વનવિભાગની કાર્યવાહીને લઈ લાકડા ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ગોધરા ધોળાકુવા ડી-માર્ટ પાસેથી કેટા કાર માંથી ૩.૧૧ લાખનો ઈંગ્લીશ દારૂ સાથે ખેપીયાને ઝડપ્યો



ગોધરા,

ગોંધરા દાહોદ હાઇવે રોડ પર આવેલ ધોળાકુવા ડી માર્ટ પાસેથી એલ.સી.બી પોલીસે સીલ્વર કલરની કેટા કાર માંથી દારૂ પકડી પાડ્યો હતો.કાર માંથી અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૧૧૫૬ કિ. રૂ.૩,૧૧,૩૪૦/- તેમજ મોબાઇલ ફોન, રોકડા રૂ.૩૬૫૦/- કેટા ગાડી કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- ની મળી કુલ રૂ.૮,૧૯,૬૯૦/- ના મુદ્દામાલ સાથે આંતર રાજય દારૂના ખેપીયાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક વાબોંગ જામીર નાઓએ પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી નાઓને અત્રેના જીલ્લામાં દારૂની અસામાજીક પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ તે સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સ્પેકટર એન.એલ. દેસાઇ એલ.સી,બી, ગોધરા નાઓએ એલ.સી.બી. સ્ટાફના અધિકારી તથા કર્મચારીઓને પ્રોહીબીશનની હેરાફેરી કરતા ઈસમો ઉપર વોચ રાખી રેઈડો કરવા સુચના આપી હતી.જે સુચના અન્વયે પોલીસ સબ ઈન્સ્પેકટર એલ.સી.બી. ગોધરા તાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક સીલ્વર કલરની કેટા ગાડી નંબર ડી.એલ. ૧૦ સી.ટી. ૨૯૨૭ માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી લઈને તેનો ચાલક સંતરોડ તરફથી નીકળી ગોધરા શહેર તરફ આવનાર છે તેવી મળેલ બાતમી આધારે એલ.સી.બી. સ્ટાફના માણસો સાથે ગોધરા દાહોદ હાઈવે રોડ ધોળા કુવા ડી માર્ટની સામે પ્રોહી નાકાબંધી કરી હતી. બાતમી મુજબની કેટા ગાડી નંબર ડી.એલ. ૧૦ સી.ટી. ૨૯૨૭ આવતા તેને ઉભી રખાવીને કારની અંદર તપાસ કરતા વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ ભરેલ કારને લોકલ કાઈમ બ્રાન્ચની કચેરી ખાતે લાવીને ચાલકની પૂછપરછ હાથધરી હતી. પોલીસે અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૧૧૫૬ કિ.રૂ.૩,૧૧,૩૪૦/- તેમજ મોબાઇલ ફોન, રોકડા રૂ.૩૬૫૦/- કેટા ગાડી કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- ની મળી કુલ રૂ.૮,૧૯,૬૯૦/-ના મુદ્દામાલ સાથે આંતર રાજ્ય દારૂના ખેપીયાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ગોધરા એ ડીવીઝનના પુશ અધિનિયમ ગુન્હામાં વોન્ટેડ આરોપીને વાવડી ટોલ બુથ પાસેથી ઝડપ્યો

ગોધરા,

પંચમહાલ જિલ્લા પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા ગોધરા શહેર બી ડિવિજન પોલીસ મથક ખાતે નોંધાયેલા ગુજસીટોક ગુન્હો અને પશુ અધિનિયમ હેઠળના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને બાતમીના આધારે ગોધરા નજીક આવેલા વાવડી ટોલનાકા ખાતેથી ઝડપી પાડ્યો હતો.ત્યારે પોલીસે આ મામલે વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પંચમહાલ જિલ્લા પેરોલ ફર્લો સ્કવોર્ડ પોલીસ સબ ઈન્સપેક્ટર ભાવિન એમ.રાઠોડ તેમજ સ્ટાફને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે ગોધરા શહેર બી ડિવિજન પોલીસ મથક ખાતે વર્ષ ૨૦૨૨ માં નોંધાયેલા ધી ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ કાઈમ (ગુજસીટોક) હેઠળ અને વર્ષ ૨૦૧૭ માં પશુ અધિનિયમ હેઠળના ગુન્હામાં છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતા વોન્ટેડ આરોપી ગોધરા શહેરના ઈદગાહ મહોલ્લા, ગોન્દ્રાં ખાતે રહેતો મહેફૂઝ યાકુબ હયાત સંડોવાયેલો છે. જે વોન્ટેડ આરોપી હાલમાં અમદાવાદ હાઈવે રોડ બાજુથી ગોધરા તરફ આવી રહ્યો છે. જે બાતમી આધારે પેરોલ ફર્લો સ્કવોર્ડ પોલીસ દ્વારા ગોધરા અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલા વાવડી ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. જે વોચ દરમિયાન બાતમી વર્ણન મુજબ ઉપરોક્ત આરોપી આવતા તેને વાવડી ટોલનાકા પાસેથી ઝડપી પાડયો હતો. જે આરોપીને પોલીસે હસ્તગત કરી આગળની વધુ તપાસ માટે ગોધરા શહેર બી ડિવિજન પોલીસ મથક ખાતે સોપવામાં આવ્યો હતો.

# કાલોલના મધવાસના સત્યમ ઓટો કોમ્પોનેસ્ટ કંપનીના ૨૫ કામદારોને ગેટ બહાર કરી દેવાતા ધારાસભ્યને મળી રજુઆત કરી

કાલોલ,

કાલોલ-હાલોલની હદ વિસ્તારમાં મધવાસ અને મધસારની જમીનોને આદ્યોગિક એકમમાં ફેરવી હાલ શ્રમિકો અને વેતન મળી રહે તેવા ઉમદા વિચારો સાથે જી.આઈ.ડી.સી તૈયાર કરી ઉદ્યોગિક એકમો વિકસાવવામાં આવી રહ્યા છે. પરંતુ આવા ઉદ્યોગોમાં સ્થાનિક શ્રમિકોને વેતન મેળવવા માટે અનેક મુશ્કેલીઓ પણ સજાતી હોય છે. જે પૈકી મધવાસ પાસે આવેલ સત્યમ ઓટો કોર્પોનેસ્ટ લિમિટેડ કંપનીનો પણ સમાવેશ થાય છે. સત્યમ ઓટો કોમ્પોનેસ્ટ લિમિટેડમાં ઓટો પાર્ટસ મેન્યુફેન્યુરિરઈન કરવાનાં ઔદ્યોગિક એકમમાં ચાલતા વર્મા, દુર્ગા, ગણેશ, મનીષા, અને આમર્સ, નામ નાં કોન્ટ્રાકટ ચાલી રહ્યાં છે. જેમાં અંદાજીત ૨૩૦ કામદારો કામ કરી રહ્યાં છે. જે પૈકીના ૨૫ જેટલાં કામદારોને કંપની મેનેજમેન્ટ દ્વારા ગેટ બહાર કરી દેવાતાં રોષે ભરાયેલા કામદારોએ તાત્કાનીન કાલોલ વિધાનસભાના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણને રજુઆત કરી હતી. જેના પગલે કાલોલ વિધાનસભા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ કામદારોના પ્રશ્નોને હલ કરવા કાલોલ પોલીસ સ્ટેશન ખાતે એકત્રિત થયેલ કામદારો અને કંપનીના જવાબદાર માણસો સાથે વાતાઘાટો કરી ૨૫ કામદારોનાં પરિવારની રોજીરોટી છીનવાઈ નહીં તે માટે રજુઆત કરી પુનઃ કામદારોને નોકરી પર લેવા જણાવ્યું હતું. ૨૫ કામદારોને પુનઃ લેવા માટે આનાકાની કરતાં કંપનીના મેનેજમેન્ટ સાથે ૨ કલાકની ચર્ચા વિચારણાઓ બાદ મામલોઠારે પડતાં પુનઃ કામદારોને કામ પર લેવાનો નિર્ણયલેવાયો હતો. જોકે, અગાઉ પણ આજ કંપનીમાં દિવાળી સમયે કામદારોને મળવાપાત્ર બોનસ બાબતે વિવાદ સર્જાતા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ એ મામલને શાંત કર્યો હોવાનું કામદારોઓ જણાવી રહ્યાં હતાં.

# વેજલપુર પોલીસ મથક નજીક સુરેલી રોડ ઉપર વરલી મટકાના જુગાર ધામ ઉપર વીજીલન્સે રેડ કરી ૬ ઈસમોને ઝડપ્યા



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે પોલીસ મથક નજીક સુરેલી રોડ ઉપર ધમધમતા વરલી મટકાના જુગારધામ ઉપર સ્ટેટ વીજલન્સ ટીમે રેઈડ કરી છ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

કાલોલ તાલુકાના વેજલપુર ગામે ધમધમતા વરલી મટકાના જુગાર ધામો સામે વેજલપુર પોલીસ અજાણ હોય તેમ કાર્યવાહી કરતી ન હોય જેને લઈ વરલી મટકાનો જુગાર રમાડતા ઈસમો ખુલ્લે આમ વરલી મટકાનો જુગારધામ ચલાવી રહ્યા છે. ત્યારે આજરોજ સ્ટેટ વીજીલેન્સ ટીમ દ્વારા વરલી મટકાના જુગારધામ ઉપર રેઈડ કરી છ જેટલા ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે વેજલપુર પોલીસ મથક નજીક ચાલતા વરલી મટકાના જુગારધામ ઉપર રેડ કરી કાર્યવાહી કરવામાં આવતાં સ્થાનિક વેજલપુર પોલીસ સામે સવાલો ઉઠવા પામ્યા છે.

# લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા દલુની વાડી ગોધરા ખાતે સમર કેમ્પ યોજાયો

ગોધરા,

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા માર્ગદર્શિત લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમર કેમ્પ યોજવામા આવ્યો હતો. જેમાં ૭૦ થી વધુ વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ કરતા કરતા ગણિત, વિજ્ઞાનએન્જીનીયરિંગ ક્ષેત્રે જ્ઞાન મેળવી વિજ્ઞાન અને ટેકનોલોજીના જ્ઞાનમાં વધારો કરી રહ્યા છે. સમર કેમ્પમાં તજજ્ઞો દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. ઉનાળું વેકેશન દરમ્યાન પાઠયક્રમના બોજથી વિદ્યાર્થીઓને મુકતી મળતી હોય છે. આ સમયનો સદઉપયોગ કરી પ્રેક્ટીકલ જ્ઞાન દ્વારા વિજ્ઞાનને જાણવા સમજવા માટે વિવિધ મોડેલ્સ દ્વારા જ્ઞાન પૂરૂં પાડવાનો લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત સમર કેમ્પનો હેતુ રહેલ છે. તારીખ ૨૩-૫-૨૦૨૩ મંગળવાર સવારે ૮:૦૦ કલાકથી દલુંની વાડી સિવિલ લાઈન્સ રોડ ગોધરા ખાતે સમર કેમ્પનો પ્રારંભ કરવામાં હતો. આ સમર કેમ્પમાં વિદ્યાર્થીઓને ફન વિથ સાયન્સ એન્ડ મેથ્સ, સાયન્સ ફિલ્મ શો,અને હેડ્સ ઓન મોડેલ મેંકિગ જેવી અવનવી પ્રવૃતિઓ કરાવામાં આવી હતી. સમર કેમ્પના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિજ્ઞાનના અવનવા મોડલ્સ બનાવીને મઝા માણી હતી. સમર કેમ્પમાં લોક વિજ્ઞાન કેન્દ્રના કાર્યકારી પ્રમુખ તથા સુપ્રસિદ્ધ ગાયનેકોલોજીસ્ટ ડો. સુજાત વલી, તજજ્ઞ જગદીશભાઈ સુથાર, લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરાના મેનેજર અવિનાશ મિસ્ત્રી, કો-ઓર્ડીનેટર બ્રીઝ જાદવ, પૃથ્વીરાજ ગોહિલ, વૈશાલી બારીઆ દ્વારા હેન્ડ્સ ઓન એક્ટીવીટી કરાવામાં આવી હતી. આ કાર્યક્રમના આયોજનમાં સાયન્સ કોમ્યુનીકેટર હરમીત પટેલનો સંકલન કરવામાં બહોળો પ્રયાસ રહ્યો હતો તથા સમગ્ર લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમનો સહયોગ રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે આગમી ૩ દિવસોમાં વિજ્ઞાનની અવનવી પ્રવુંતિઓ અને પચામૃત ડેરીની શેર કરાવવામાં આવશે.

# ઘોઘંબાના મહાદેવાયા ગામે લગ્નના વરઘોડામાં પાંચ ઈસમોએ મારમારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના મહાદેવીયા ગામે લગ્નનો વરઘોડો નિકળેલ હોય ત્યારે આરોપી ઈસમો તમારું ડીજે બંધ કરી જતા રહો એક વ્યક્તિને લાફો મારી પાડી દેતાં વચ્ચે છોડાવવા પડેલ મહિલાને ધક્કો મારતાં પડી જતાં ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપતાં આરોપી ઈસમો સામે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના મહાદેવીયા ગામે રહેતા વિજયસિંહ હમીરસિંહ પરમારના ભાઈનો લગ્નનો વરઘોડો નિકળેલ હતો. ત્યારે આરોપીઓ રાહુલ રમેશસિંહ સોલંકી, મહેરાજ સવંતસિંહ સોલંકી, નિલેશ કનકસિંહ સોલંકી, સંજય અજમલસિંહ સોલંકી, કલેન્દ્ર ભવાનસિંહ સોલંકીએ તમારું ડીજે બંધ કરી અહીંથી જતા રહો તેમ કહી દરબારકુમર પરમારને લાફો મારી મારમારવા લાગતાં સંગીતાબેન વચ્ચે છોડાવવા પડતાં આરોપીએ મહિલાને ધક્કો મારતાં નીચે પડી જતાં પથ્થર વાગતાં ઈજાઓ થવા પામી જયારે અજયસિંહ વચ્ચે પડતા આરોપીઓએ દુર્તાના ભાગ ગળેથી પકડી ઝપાઝપી કરતાં સોનાની ચેઈન નીચે પડી ગયેલ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપતાં આરોપી ઈસમો વિરૂદ્ધ રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા તાલુકાના કાંકણપુર ગામે ઓડીદ્રા રોડ ઉપર ચાલવા નિકળેલ યુવાનને ઈકોએ અડફેટમાં લેતાં ઈજાઓ

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ગામે ઓડીદ્રા ચોકડી પાસે રાત્રીના સમયે ચાલવા નિકળેલ ૪૨ વર્ષીય યુવાને ઈકો ગાડીના ચાલકે અડફેટે લઈ ઈજાઓ પહોંચાડી નાશી છુટતાં કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કાંકણપુર ગામે રહેતા જગદીશભાઈ પ્રભાતસિંહ સોલંકી ઉ.વ.૪૨ રાત્રીના સમયે જમ્યા બાદ કાંકણપુરના ઓડીદ્રા રોડ ઉપર ચાલવા નિકળ્યા હતા. ત્યારે ઈકો ગાડી નંબર જીજે.૧૭.બીએન.૨૮૧૨ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી જગદીશભાઈને અકસ્માત કરી માથાના ભાગે કાનના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

# ગોધરા શહેરના સાવલીવાડ વિસ્તારમાં નજીવી વાતે એક ઈસમે એક વ્યક્તિ પર લાકડી વડે હુમલો કર્યો

ગોધરા,

ગોધરા શહેરના સાવલીવાડ વિસ્તારમાં જૂની પોસ્ટ પાસે રહેતા સાહિલ નિઝામ બુઢાની સાવલીવાડ વિસ્તારમાં દુકાન આવેલી છે. ત્યારે ગત ૨૨ તારીખે રાત્રિના અરસામાં તેઓની દુકાન પર જાવેદ જાકીરભાઈ સૈયદ બેસીને બૂમાબૂમ કરતો હતો. જેને લઈને સાહિલ બુઢાએ જાવેદને જણાવ્યું હતું કે, તું મારી દુકાન પર બેસીને બૂમાબૂમ કરીને લોકોને કેમ હેરાન કરે છે, તેમ કહેતા જાવેદ ઉશ્કેરાઈ જઈને અપશબ્દો બોલવાનું શરૂ કરી દેતા સહિલે અપશબ્દો બોલવાની ના પાડી હતી. જેને લઈને જાવેદ બુઢા ઉશ્કેરાઈ ગયો હતો અને નજીકમાંથી લાકડી લઈ આવીને સાહિલ બુઢાને લાકડીનો ફટકો મારીને ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે સમગ્ર મારામારીની ઘટના મામલે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.